

# ફેબ્રુઆરી

## ૨૦૧૮

Most IMP
Current Affairs

www.crackgpsc.com

# સ્પેશ્યલ થેન્ક્સ

**શ્રી એમ. કે. પ્રજાપતિ સાહેબ**

**(ડે. કલેક્ટર)**

પોતાની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને વિદ્યાર્થીઓ માટે ફ્રી કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોની નોટ્સ તથા સતત માર્ગદર્શન આપવા બદલ.

crackgpsc.com

## We are famous for…

**The Most IMP,**
**Authentic,**
**To the point,**
**Up to date**
**material**




# Most Imp Current Affairs – February 2019

1

- તેલંગાણાની MNJ ઇન્સ્ટીટયુટ ઓફ ઓન્કોલોજી એન્ડ રિજનલ કેન્સર સેન્ટરે એક દિવસમાં પ્રોસ્ટેટ કેન્સરના સૌથી મોટા સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરીને ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ તથા હાઈ રેન્જ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવ્યું.
- પોર્ટુગલની એરલાઈન્સ 'હાઈ ફ્લાઈ'એ સિંગલ યુઝ પ્લાસ્ટિક ફ્રી ફ્લાઈટની શરૂઆત કરી.
- કર્ણાટકમાં રાષ્ટ્રીય મહિલા મુક્કેબાજી ચેમ્પિયનશિપ શરૂ.
- બી. રાધાકૃષ્ણન તેલંગાણા હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ બન્યા.
- પ્રસિદ્ધ અભિનેતા-લેખક કાદરખાનનું કેનેડામાં નિધન. તેમણે 1973માં ફિલ્મ 'દાગ'થી અભિનયની શરૂઆત કરી અને 300થી વધુ ફિલ્મોમાં અભિનય આપ્યો.
- વિનોદ કુમાર યાદવ રેલવે બોર્ડના અધ્યક્ષ નિયુક્ત.
- ભારત સરકારે 'રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી' (RERA)ને મજબૂત કરવા અને તેના અમલીકરણ માટેની મુશ્કેલીઓ દૂર કરવા માટે શિવ દાસ મીણાની અધ્યક્ષતામાં એક પેનલની રચના કરી.
- ફિલીપીન્સમાં ઉસ્માન નામનું એક ઉષ્ણકટિબંધીય વાવાઝોડું આવ્યું.
- 1 જાન્યુઆરી: DRDO દિવસ. ઇ.સ. 1958થી આ દિવસ ઉજવાય છે.
- 1 જાન્યુઆરી 2019: મહાદેવ દેસાઈનો 126મો જન્મ દિવસ. મહાદેવ દેસાઈ ગાંધીજીને 1917માં પ્રથમ વખત મળ્યા હતા.
- ભારતીય બોલર જસપ્રીત બુમરાહ 2018માં સૌથી વધુ વિકેટ (78) લેનાર બોલર બન્યો.

2

- સમગ્ર ભારતના યુવાઓને તેમની આંતરિક વૈજ્ઞાનિક કાર્યક્ષમતા સાથે પરિચિત કરાવવાના ઉદ્દેશ્યથી ISROએ બેંગલુરુમાં 'સંવાદ વિથ સ્ટુડન્ટ્સ' નામનું એક નવું પ્લેટફોર્મ લોન્ચ કર્યું.
- 2017માં ઇઝરાયેલ વિરુદ્ધ પૂર્વાગ્રહનો આરોપ લગાવી અમેરિકા અને ઇઝરાયેલે યુનેસ્કો છોડ્યું.
- કતારે ઓપેક (ઓર્ગેનાઇઝેશન ઓફ ધ પેટ્રોલિયમ એક્સ્પોર્ટિંગ કન્ટ્રીઝ-OPEC) છોડ્યું. કતાર તેલ ઉત્પાદક દેશોના બ્લોકને છોડનાર પ્રથમ ગલ્ફ દેશ છે. કતાર દુનિયાનો સૌથી મોટો LPG સપ્લાયર દેશ છે.
- શિખા શર્મા નિવૃત્ત થતાં અમિતાભ ચૌધરી એક્સિસ બેંકના નવા CEO અને MD નિયુક્ત.
- LICના MD હેમંત ભાર્ગવ LICના અંતરિમ ચેરમેન નિયુક્ત.
- ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) તમિલનાડુના એન્નોરમાં પોતાનું પ્રથમ લિક્વિડ નેચરલ ગેસ આયાત ટર્મિનલ ચાલુ કરશે.
- આસામ, રાજસ્થાન, મેઘાલય અને છત્તીસગઢ સિવાય ભારતનાં કુલ 25 રાજ્યોમાં 100% ઘરોમાં વિદ્યુતીકરણ કરવામાં આવ્યું.

crackgpsc.com

- ચોલેન્દ્ર શમશેર જે. બી. રાણા નેપાળ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ નિયુક્ત.
- ભારત સરકારે ઉજ્જવલા યોજના અંતર્ગત કુલ 6 કરોડ નિ:શુલ્ક LPG કનેક્શન આપ્યાં. 6 કરોડમું કનેક્શન દિલ્હીનાં જસમિના ખાતૂનને આપવામાં આવ્યું.
- બાંગ્લાદેશનાં વડાપ્રધાન શેખ હસીનાએ બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણી સતત ત્રીજી વખત જીતી.
- SBI લાઈફ ઇન્સ્યોરન્સે પોતાના પ્રોડક્ટ્સ વેચવા માટે અલ્હાબાદ બેંક સાથે સમજૂતી કરી

3

- જસ્ટિસ એ. કે. સીકરી નેશનલ લીગલ સર્વિસિસ ઓથોરીટી (NALSA)ના એક્ઝીક્યુટીવ ચેરમેન તરીકે નોમિનેટ.
- ઇન્ટરનેશનલ એડવર્ટાઈઝિંગ એસોસિએશનની 44મી ગ્લોબલ સમિટ કોચ્ચિમાં યોજાશે. શિખર સંમેલનનો વિષય 'બ્રાન્ડ ધર્મ' છે. પ્રથમ વખત આ સંમેલન ભારતમાં યોજાશે.
- પૂર્વ આર્મી કેપ્ટન જેયર બોલ્સનારો બ્રાઝિલના રાષ્ટ્રપતિ બન્યા.
- દુનિયાભરમાં કથક નૃત્યને પ્રોત્સાહન આપવા માટે અમેરિકા આધારિત કથક પ્રતિનિધિ અનિંદિતા નિયોગી અનામ 'રાષ્ટ્રીય નૃત્ય શિરોમણિ -2019' પુરસ્કારથી સન્માનિત.
- 106મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ પંજાબની લવલી પ્રોફેશનલ યુનિવર્સિટીમાં યોજાઈ. વિષય: ફ્યૂચર ઇન્ડિયા-સાયન્સ એન્ડ ટેકનોલોજી.
- કેન્દ્રીય મંત્રીમંડળે બેંક ઓફ બરોડામાં વિજયા બેંક અને દેના બેંકના વિલયને મંજૂરી આપી.
- RBIએ MSME ક્ષેત્રના પુનરોદ્ધાર માટે વ્યાપક સમાધાનની સમીક્ષા અને પ્રસ્તાવ માટે SEBIના પૂર્વાધ્યક્ષ યુ. કે. સિંહાની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી.
- કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય યુવા સશક્તિકરણ કાર્યક્રમ યોજનાની મુદત વધારીને 2019-20 સુધી કરી.
- સૌરભ કુમાર ઓરડ્નન્સ ફેક્ટરી બોર્ડ (OFB)ના ડિરેક્ટર જનરલ અને ચેરમેન નિયુક્ત.
- પોર્ટબ્લેયરનું વીર સાવરકર ઇન્ટરનેશનલ એરપોર્ટ ભારતમાં ઈમિગ્રેશન માટે અધિકૃત ચેક પોસ્ટ ઘોષિત.
- સચિન તેંદુલકરના કોચ પદ્મ શ્રી રમાકાંત આચરેકરનું નિધન. ઈ.સ. 1990માં ઉત્કૃષ્ઠ કોચ માટે 'દ્રોણાચાર્ય પુરસ્કાર' મેળવ્યો હતો.
- યુગાન્ડાનાં જેકબ કિપ્લિમોએ 10 કિ.મી. રેસ 26:21 મિનિટમાં પુરી કરી નવો રેકોર્ડ બનાવ્યો.

4

- રાજકોટમાં RTP નામની એપના ઉપયોગથી પોલીસે મોબાઈલમાં ફોટો પાડીને ઈ-ચલણ ઇસ્યુ કરવાનું શરૂ કર્યું.
- પ્રમોદ કુમાર સિંહ કોમ્પિટિશન કમિશન ઓફ ઇન્ડિયા (CCI)ના સચિવ નિયુક્ત.
- IITના પ્રોફેસર જયંત કુમાર ઘોષ નેશનલ જિયોસ્પેશિયલ એવોર્ડ ફોર એકસેલન્સ -2017 (લાઈફ ટાઈમ એચીવમેન્ટ પુરસ્કાર)થી સન્માનિત. તેમને આ પુરસ્કાર જિયોસ્પેશિયલ વિજ્ઞાન અને અનુપ્રયોગોના વિકાસમાં તેમના યોગદાન માટે આપવામાં આવ્યો.
- જસ્ટિસ આસિફ સઈદ ખોસા પાકિસ્તાન સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટિસ નિયુક્ત.

- HDFC મ્યુચ્યુઅલ ફંડ ICICI પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડને પાછળ પાડીને દેશની સૌથી મોટી એસેટ મેનેજમેન્ટ કંપની (AMC) બની.
- ફેબ્રુઆરી મહિનામાં સોમનાથ મંદિરે 12 જ્યોતિર્લિંગ મહોત્સવ યોજાશે. તેમાં બારેય જ્યોતિર્લિંગના મુખ્ય પૂજારીઓ, ટ્રસ્ટીઓ, વ્યવસ્થાપકો ભાગ લેશે. જેમાં બારેય જ્યોતિર્લિંગ મંદિરો વિષે વિચારોનું આદાનપ્રદાન થશે.
- ન્યુ હોરાઈઝન્સ યાને બ્રહ્માંડના અત્યાર સુધીના સૌથી દૂરના (6.25 અબજ કિ.મી.) અવકાશી પદાર્થ 'અલ્ટિમા થૂલે'ની મુલાકાત લેવાનો વિક્રમ સર્જ્યો. યાન અલ્ટિમા થૂલેના 3,500 કિ.મી.ના અંતરેથી પસાર થયું. ત્યાંથી હાઈ-રીઝોલ્યુશન તસ્વીર આવતાં મહિનો લાગશે. નાસાનું યાન ન્યુ હોરાઈઝન્સ સૂર્યમાળા પૂર્ણ થાય ત્યાં આવેલા ક્રુઈપર બેલ્ટ નામના વિસ્તારની મુલાકાતે નીકળ્યું છે.
- ચીનના ચોંગકિંગ શહેરમાં 60000 ચો. ફૂટમાં દુનિયાનું પ્રથમ ઈ-સ્પોર્ટ્સ સ્ટેડિયમ 'ઝોંગશિયાન' બનાવાયું. તેની દિવાલો કાચની છે, તેના પર બહારથી પણ ગેમ્સ જોઈ શકાય એવા પારદર્શી LED લગાવાયા છે. સ્ટેડિયમની દર્શક ક્ષમતા 20000ની છે. હોંગકોંગના આર્કિટેક્ટ બેરી હોએ તે ડિઝાઈન કર્યું છે. સ્ટેડિયમની ડિઝાઈન વિંગ (પાંખ) જેવી છે. ફેબ્રુઆરીમાં પ્રથમ ઇવેન્ટ યોજાશે.
- 4 જાન્યુઆરી: વિશ્વ બ્રેલ દિવસ. બ્રેલ લિપિના શોધક લુઇસ બ્રેલનો જન્મ દિવસ.
- રાજકોટમાં ખંઢેરી ખાતે 1,250 કરોડ રૂપિયાના ખર્ચે AIIMS તૈયાર કરવામાં આવશે, જે 2022થી કાર્યરત થશે.
- નવી દિલ્હીમાં 'ભારતીય પેનોરમા ફિલ્મ મહોત્સવ' યોજાયો.
- સુપ્રસિદ્ધ બંગાળી નવલકથાકાર દિબ્યેંદુ પાલિતનું નિધન. ઈ.સ. 1998માં તેમની નવલકથા 'અનુભબ' માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો હતો.

5

- અરુણિમા સિંહા માઉન્ટ વિન્સન (એન્ટાર્કટિકાનું સૌથી ઊંચું શિખર) સર કરનાર વિશ્વની પ્રથમ દિવ્યાંગ મહિલા બની. તે માઉન્ટ એવરેસ્ટ પર ચઢનાર પ્રથમ દિવ્યાંગ મહિલા પણ છે. તે રાષ્ટ્રીય સ્તરે એક વોલીબોલ ખેલાડી હતી જેનો એક પગ 2011માં કાપવો પડ્યો હતો.
- છબીલેન્દ્ર રાઉલ રસાયણ અને ખાતર મંત્રાલયના ખાતર વિભાગના સચિવ નિયુક્ત.
- ચીનનું અંતરિક્ષ યાન ચાંગ E4 ચંદ્રના પાછળના ભાગે સફળતાપૂર્વક પહોંચ્યું.
- સંસદે મફત અને અનિવાર્ય બાળ શિક્ષણ અધિકાર (સુધારા) વિધેયક-2018 પસાર કર્યું.
- પાકિસ્તાનના પેશાવરમાં આવેલ પ્રાચીન હિંદૂ ધાર્મિક સ્થળ 'પંજ તિરથ' રાષ્ટ્રીય ધરોહર ઘોષિત. પંજ તિરથમાં પાણીના પાંચ કુંડો છે. ત્યાં ખજૂરના ઝાડ સહિત એક મંદિર અને એક મેદાન પણ છે.
- જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લામાં બક્કલ અને કૌડી વચ્ચે ચિનાબ નદી પર બની રહેલ વિશ્વનો સૌથી ઊંચો રેલવે પુલ આ વર્ષે તૈયાર થશે. 359 મીટર ઊંચાઈ ધરાવતો આ પુલ 17 કેબલ પર ટકેલો હશે. 260 કિ.મી. ઝડપનું વાવાઝોડું સહન કરવાની ક્ષમતાવાળા આ બ્રિજમાં બ્લાસ્ટ લોડ ટેકનોલોજીનો ઉપયોગ થયેલ હોવાથી બ્રિજ પર બ્લાસ્ટ કે પ્રેશરની અસર નહી થાય. 2004માં તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈએ આ પ્રોજેક્ટનો પાયો નાખ્યો હતો. હાલ ફ્રાન્સની તરન નદી પરનો બ્રિજ (340 મીટર) વિશ્વમાં સૌથી ઉંચો છે.

- દૂરના તારા, બ્લેક હોલ, આકાશી પિંડોમાંથી આવનાર એક્સ-રેનું વિશ્લેષણ કરવા અમેરિકાના વૈજ્ઞાનિકોએ એન્ટાર્કટિકાથી 'એક્સ કૈબિલર' ટેલિસ્કોપ લોન્ચ કર્યું.
- AFC એશિયન કપ ફૂટબોલ ચેમ્પિયનશિપ UAEમાં શરૂ. આ ચેમ્પિયનશિપ 63 વર્ષ પહેલાં શરૂ થયેલ વિશ્વની બીજી સૌથી જૂની ચેમ્પિયનશિપ છે. આ ટૂર્નામેન્ટમાં 24 ટીમોએ ભાગ લીધેલ છે. ભારત 8 વર્ષ બાદ આ ચેમ્પિયનશિપમાં પ્રવેશ્યું.
- ઋષભ પંત 21 વર્ષની વયે ટેસ્ટ ક્રિકેટમાં 2 સદી કરનાર વિશ્વનો પ્રથમ વિકેટકીપર બન્યો. પંત ઓસ્ટ્રેલિયામાં સદી કરનાર પ્રથમ ભારતીય વિકેટકીપર બન્યો. આ સાથે પંત ભારત બહાર સૌથી વધુ રન કરનાર પ્રથમ વિકેટકીપર બન્યો.
- ચેતેશ્વર પૂજારા ઓસ્ટ્રેલિયામાં એક સીરિઝમાં 500થી વધુ રન કરનાર ત્રીજો ભારતીય બન્યો. આ પહેલાં કોહલીએ 692 અને રાહુલ દ્રવિડે 619 રન કર્યા હતા.
- કેન્દ્ર સરકારે ધોરણ 5 અને 8માં વિદ્યાર્થીઓને નાપાસ કરી શકાય એવો નિર્ણય લીધો. અત્યાર સુધી ધોરણ 1થી 8માં શૂન્ય માર્ક્સ હોય તો પણ વિદ્યાર્થીઓને પાસ કરાતા હતા.

6

- કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓ માટે 20 દિવસની સવેતન રજા ફરજિયાત બનાવી.
- ટ્રમ્પવિરોધી મહિલા સાંસદ નેન્સી પેલોસી નીચલા ગૃહનાં અધ્યક્ષ બન્યાં. પેલોસી આ પદ પર ફરીથી પહોંચેલાં પ્રથમ મહિલા બન્યાં. અમેરિકાનાં પ્રમુખ, ઉપપ્રમુખ બાદ ત્રીજુ મોટું પદ અધ્યક્ષનું છે. અમેરિકન બંધારણ મુજબ જરૂર પડ્યે ઉપપ્રમુખ બાદ સ્પીકર પ્રમુખની જગ્યા લઇ શકે છે.
- ડેમોક્રેટિક પાર્ટીનાં ઈલ્હાને હિજાબ પહેરીને કુર્આનના શપથ લીધા. તેઓ આમ કરનાર પ્રથમ અમેરિકન મહિલા સાંસદ બન્યાં.
- નવી દિલ્હીમાં 27મો નવી દિલ્હી 'વર્લ્ડ બુક ફેર' શરૂ. વર્ષ 2019નો વિષય: દિવ્યાંગજનોની વાંચન જરૂરિયાતો
- 80મી રાષ્ટ્રીય ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ જવાહરલાલ નહેરુ ઇન્ડોર સ્ટેડિયમ, કટક (ઓરિસ્સા)માં યોજાઈ.
- ભારત સરકારે બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના (BBBP) અંતર્ગત દેશના તમામ 640 જિલ્લાઓનો સમાવેશ કર્યો.
- ઇન્વેસ્ટીગેટીવ રિપોર્ટીંગ (પ્રિન્ટ કેટેગરી) માટે એસ. વિજય કુમાર 'રામનાથ ગોયનકા એક્સેલન્સ ઇન જર્નાલિઝમ' એવોર્ડથી સન્માનિત.
- 8મી ઇન્ટરનેશનલ મેરેથોન વડોદરામાં યોજાઈ.
- મણિપુરના વાહેંગબામ લમનગાબા સિંહને ભારતીય બાળ કલ્યાણ પરિષદ (ICCW) દ્વારા રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર અપાશે.
- અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 'એશિયા રિઅસ્યોરન્સ ઈનીશીએટીવ એક્ટ' (ARIA) પર હસ્તાક્ષર કર્યા. આ અધિનિયમ ભારત-પ્રશાંત ક્ષેત્રમાં અમેરિકન સુરક્ષા, આર્થિક હિતો અને મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે એક બહુમુખી અમેરિકન રણનીતિ માટે છે.

crackgpsc.com

7

- આંધ્રપ્રદેશ એશિયા કોમ્પિટિટિવ ઇન્સ્ટીટયુટ (ACI)ની ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ ઇન્ડેક્સ-2018માં ટોચના સ્થાને. મહારાષ્ટ્ર અને દિલ્હી અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને.
- ચીને પોતાના સૌથી શક્તિશાળી નોન-ન્યુક્લિયર હથિયાર 'મધર ઓફ ઓલ બોમ્સ'નું પરિક્ષણ કર્યું. પરમાણુ હથિયાર બાદ આ બીજું સૌથી ઘાતક હથિયાર છે.
- ત્રીજો રાષ્ટ્રીય ઉદ્યમિતા પુરસ્કાર સમારોહ નવી દિલ્હીમાં યોજાયો. 2019 માટે કુલ 43 શ્રેણીમાં પુરસ્કાર આપવામાં આવ્યા.
- જવાહર નવોદય વિદ્યાલય (JNV)ના વિદ્યાર્થીઓની આત્મહત્યાના કારણોની તપાસ કરવા મનોચિકિત્સક ડો. જિતેન્દ્ર નાગપાલની અધ્યક્ષતામાં ટાસ્ક ફોર્સની રચના.
- આંધ્રપ્રદેશ સરકારે પોલાવરમ બહુહેતુક પરિયોજના માટે CBIP (સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇરીગેશન એન્ડ પાવર) એવોર્ડ મેળવ્યો.
- વિજય માલ્યા Fugitive Economic Offenders Act-2018 હેઠળ આરોપી બનનાર પ્રથમ ટાઈકૂન બન્યો. આ એક્ટ અનુસાર એક ભાગેડુ આર્થિક અપરાધી એક એવો વ્યક્તિ છે જેની વિરુદ્ધ ઓછામાં ઓછા 100 કરોડ કે તેથી વધુ રૂપિયાના આર્થિક અપરાધમાં સંડોવણી માટે ધરપકડનો વોરંટ હોય અને તેનાથી બચવા માટે તેણે ભારત છોડી દીધું હોય. આ કાયદો ઓગસ્ટ-2018થી અમલમાં આવ્યો.
- ભારત સરકારે ચક્રવાત 'પાબુક'ને કારણે અંદામાન-નિકોબાર દ્વીપસમૂહ માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું. 'ઓરેન્જ' વેધર એલર્ટનો મતલબ છે કે ખરાબ કે ગરમ હવામાનની સંભાવનાને લીધે સડક અને હવાઈમાર્ગમાં અડચણ ઉભી થાય અને જીવન તથા સંપત્તિને જોખમ થઇ શકે એવી પરિસ્થિતિ માટે લોકોએ તૈયાર રહેવું જોઈએ.
- હિમાચલ પ્રદેશ પોલીસની રિઝર્વ બટાલિયનની મહિલા હેડ કોન્સ્ટેબલ રાનીએ વિશાખાપટ્ટનમમાં યોજાયેલ રાષ્ટ્રીય જૂડો ચેમ્પિયનશિપમાં 78 કિ.ગ્રા. કેટેગરીનો સુવર્ણ ચંદ્રક જીત્યો.
- રાષ્ટ્રપતિ મોહમ્મદ અબ્દુલ હમીદે શેખ હસીનાને બાંગ્લાદેશનાં વડાપ્રધાન તરીકેના શપથ લેવડાવ્યા. તેઓ ચોથી વખત બાંગ્લાદેશનાં વડાપ્રધાન બન્યાં.
- નોર્વેનાં વડાપ્રધાન ઈરના સોલબર્ગ ભારતની મુલાકાતે.
- કેન્દ્રીય મંત્રીમંડળે સરકારી નોકરીઓમાં 'આર્થિક રીતે પછાત' સવર્ણ જાતિઓ માટે 10% અનામતની મંજૂરી આપી. આ અનામત વાર્ષિક 8 લાખ રૂપિયાથી ઓછું કમાનાર સવર્ણ જાતિઓ માટે લાગુ પડશે. આ માટે બંધારણની કલમ 15 અને 16માં સુધારા માટે એક વિધેયક સંસદમાં મોકલવામાં આવશે.
- લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, જાલંધરમાં મહિલા વિજ્ઞાન કોંગ્રેસનું ઉદઘાટન. આ કોંગ્રેસ 106મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનો એક ભાગ છે.
- પ્રસાર ભારતી દ્વારા 32 વર્ષથી ચાલતી ઓલ ઇન્ડિયા રેડિયોની રાષ્ટ્રીય ચેનલ 'આકાશવાણી' બંધ કરવાનો નિર્ણય. અમદાવાદ સહિત 5 ટ્રેનિંગ એકેડમી બંધ કરાશે.

8

- ફારૂખ શેખ અને આશા પારેખને પ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા બિમલ રોયની 52મી પૂણ્યતિથિ નિમિત્તે બિમલ રોય મેમોરિયલ એન્ડ ફિલ્મ સોસાયટી દ્વારા સન્માનિત કરાશે.

crackgpsc.com

- વયોવૃદ્ધ પત્રકાર દિનુ રણદિવે મંત્રાલય અને વિધિમંડળ વાર્તાહર સંઘ દ્વારા લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત.
- કુંભ મેળા દરમ્યાન લોકોને પ્રયાગરાજ શહેરમાં માર્ગનિર્દેશન માટે 'રેલ કુંભ સેવા' મોબાઈલ એપ શરૂ કરાઈ. આ એપ 'મેલા સ્પેશિયલ' ટ્રેનો વિશે પણ માહિતી આપશે.
- સ્વિટ્ઝરલેન્ડના રોજર ફેડરર અને બેલિંડા બેનકિકે હોપમેન કપ જીત્યો. રોજર ફેડરર ત્રણ હોપમેન કપ જીતનાર પ્રથમ ખેલાડી છે.
- રોહન બોપન્ના અને દિવિજ શરણે ટાટા ઓપન મહારાષ્ટ્રમાં ATP ટૂર ટેનિસ ખિતાબ જીત્યો.
- કર્ણાટકના શિવમોગ્ગા જિલ્લામાં ક્યાસાનુર ફોરેસ્ટ ડિસીઝ (KFD) 'મંકી ફીવર'ને કારણે છ લોકોનાં મૃત્યુ. KFD કર્ણાટકમાં ફરીથી ઉદય થતો એક પશુજન્ય રોગ છે. આ બિમારી બિમાર કે મૃત્યુ પામેલ વાંદરાના સંપર્કથી મનુષ્યમાં ફેલાઈ શકે છે.
- પેન્ટાગોનના ચીફ ઓફ સ્ટાફ કેવિન સ્વિને રાજીનામું આપતાં ડિફેન્સ સબ સેક્રેટરી પેટ્રિક શાનાહન પેન્ટાગોનના એક્ટિંગ ચીફ ઓફ સ્ટાફ બન્યા.
- સુપ્રીમ કોર્ટે આલોક વર્માને CBIના ડિરેક્ટર તરીકે બહાલી આપી.
- ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સ: રામી માલેક - શ્રેષ્ઠ અભિનેતા, ગ્લેન ક્લોઝ - શ્રેષ્ઠ અભિનેત્રી, અલ્ફોન્સો ક્યુરોન - શ્રેષ્ઠ ડિરેક્ટર. બોહેમિયન રેપ્સોડી - શ્રેષ્ઠ મોશન પિક્ચર-ડ્રામા.

9

- સિડની 2020માં યોજાનાર 24 ટીમવાળી પ્રથમ ATP કપ પુરુષ ટૂર્નામેન્ટની ફાઈનલની મેજબાની કરશે.
- પોલાવરમ બહુહેતુક સિંચાઈ પરિયોજનાએ એક દિવસમાં સૌથી વધુ માત્રામાં કોન્ક્રીટનો ઉપયોગ કરવાનો રેકોર્ડ ગિનીસ બુકમાં નોધાવ્યો.
- નાગરિકતા (સુધારા) વિધેયકના મુદ્દે આસામમાં ભાજપની NDAએ સરકારમાંથી આસામ ગણ પરિષદે (AGP) સમર્થન પાછું ખેંચ્યું.
- કુમાર રાજેશ ચંદ્ર સશસ્ત્ર સીમા બળ (SSB)ના ડિરેક્ટર જનરલ નિયુક્ત.
- ખેલો ઈન્ડિયાનું બીજું સંસ્કરણ પૂણેમાં શરૂ.
- 9 જાન્યુઆરી: પ્રવાસી ભારતીય દિવસ. ગાંધીજીના વર્ષ 1915માં દ. આફ્રિકા પ્રવાસથી પાછા ફરવાનો દિવસ. આ દિવસની શરૂઆત 2003થી થઇ હતી.
- પંજાબની લવલી પ્રોફેશનલ યુનિવર્સિટીમાં યોજાયેલ ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસ (ISC)માં DRDO પેવેલિયનને 'એક્ઝિબિટર ઓફ ધ યર' એવોર્ડ મળ્યો.
- મલેશિયાના રાજા મોહમ્મદ Vએ પોતાનો 5 વર્ષનો કાર્યકાળ પૂર્ણ થયા પહેલાં રાજીનામું આપ્યું.
- હાવર્ડ યુનિવર્સિટીમાં ભારતીય મૂળનાં (મૈસુરમાં જન્મ) પ્રોફેસર ગીતા ગોપીનાથ IMF (ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ)નાં પ્રથમ મહિલા મુખ્ય અર્થશાસ્ત્રી બન્યાં. તેઓ મુદ્રાકોષનાં 11માં મુખ્ય અર્થશાસ્ત્રી છે.
- ડિજિટલ પેમેન્ટની સુરક્ષા મજબૂત કરવા માટે RBIએ નંદન નીલેકણીની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરી.

10

- NASAના ટ્રાન્સિટિંગ એક્સપ્લોનેટ સર્વે સેટેલાઈટ (TESS)એ સૌર મંડળની બહાર પૃથ્વી કરતાં 3 ગણો મોટો 'HD 21749b' નામનો નવો ગ્રહ શોધ્યો જે પૃથ્વીથી લગભગ 53 પ્રકાશ વર્ષ દૂર 'રેટિકુલમ' નક્ષત્રમાં એક તારાની પરિક્રમા કરે છે.
- HDFC બેંકની વ્યાજબી હાઉસિંગ ફાયનાન્સ શાખા ગૃહ ફાયનાન્સનું બંધન બેંકમાં મર્જર કરાશે. આ મર્જર બાદ HDFCનો બંધન બેંકમાં 14.9% હિસ્સો હશે.
- NABARDએ કૃષિ અને ગ્રામિણ સાહસોને પ્રારંભિક મૂડી આપવા માટે વેન્ચર કેપિટલ યુનિટ 'NABVENTURES લિ.' સ્થાપવાની ઘોષણા કરી.
- 10 જાન્યુઆરી: વિશ્વ હિન્દી દિવસ. પ્રથમ વિશ્વ હિન્દી સંમેલન 1975માં 10 જાન્યુઆરીના રોજ યોજાયું હતું. તેના સન્માનમાં દર વર્ષે આ દિવસ ઉજવાય છે.
- આફ્રિકા કપ ઓફ નેશન્સ-2019ની મેજબાની મિસર કરશે. મિસર પાંચમી વખત આ ટૂર્નામેન્ટની મેજબાની કરશે.
- પ્રણવ આર. મહેતા ગ્લોબલ સોલર કાઉન્સિલ (GSC)ના અધ્યક્ષ નિયુક્ત. GSCનું મુખ્યાલય વોશિંગ્ટનમાં છે.
- USA ક્રિકેટ આંતરરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC)નું 105મું સભ્ય બન્યું.
- ઇન્ડિયન નેવિ અંદામાન-નિકોબાર દ્વીપ સમૂહમાં પોર્ટ બ્લેયરથી 100 માઈલ ઉત્તરે એક નવું એર બેઝ સ્થાપિત કરશે. આ ભારતનું ચોથું એર બેઝ અને અંદામાન-નિકોબારમાં ત્રીજી નેવલ એર ફેસીલીટી હશે.
- નરેન્દ્ર મોદીએ આગ્રામાં 'ગંગાજલ પરિયોજના'નું ઉદઘાટન કર્યુ નદીના ગંગા લક્ષ્ય પરિયોજનાનું આ . 140 ક્યૂસેક પાણીને આગ્રામાં લાવવાનું છે.
- વિશ્વ આર્થિક મંચના રિપોર્ટ અનુસાર ભારત 2030 સુધીમાં USA અને ચીન બાદ ત્રીજું સૌથી મોટું ઉપભોક્તા બજાર બનશે.

11

- વર્લ્ડ બેંકના વૈશ્વિક આર્થિક સંભાવના રિપોર્ટ (ગ્લોબલ ઇકોનોમિક પ્રોસ્પેક્ટસ-GEP) અનુસાર નાણાકીય વર્ષ 2018-19માં ભારતની GDP 7.3% અને આગામી બે વરસમાં 7.5% વધવાનો અંદાજ છે. ઉપરાંત ભારત વિશ્વની સૌથી ઝડપી વિકસતી પ્રમુખ અર્થવ્યવસ્થા બની રહેશે.
- સિનીયર ડિપ્લોમેટ સંજીવ અરોડા મિનિસ્ટ્રી ઓફ એક્સ્ટર્નલ અફેર્સ (MEA)માં દૂતાવાસ, પાસપોર્ટ, વિઝા અને પ્રવાસી ભારતીય બાબતોના સચિવ તરીકે નિયુક્ત. હાલમાં તેઓ લેબનોનમાં ભારતના રાજદૂત છે.

crackgpsc.com






- PM મોદીએ સોલાપુર, મહારાષ્ટ્રમાં ચાર-લેન વાળા NH-211 (ન્યુ NH 52)ના સોલાપુર-તુલજાપુર-ઉસ્માનાબાદ ખંડનું ઉદઘાટન કર્યું. આ પ્રોજેક્ટ મહારાષ્ટ્રમાં સોલાપુર-યદાશી ખંડનો ભાગ છે.
- મેઘાલયમાં પ્રથમ સ્વદેશ દર્શન પરિયોજનાનું ઉદઘાટન.
- મેરી કોમે ઇન્ટરનેશનલ બોક્સિંગ એસોસિએશનની લેટેસ્ટ રેન્કિંગમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો.
- મહિલા અને બાળ વિકાસ વિભાગે એક ઓનલાઈન અભિયાન '#www:Web-WonderWoman' શરૂ કર્યું. આ અભિયાનનો ઉદ્દેશ્ય સોશિયલ મીડિયા દ્વારા સમાજને પ્રભવિત કરનાર મહિલાઓની અસાધારણ પ્રતિભાઓને શોધવાનો છે.
- એન. રામ 'એલાયન્સ ફોર મીડિયા ફ્રીડમ' (AFMF)ના અધ્યક્ષ નિયુક્ત. AFMF મીડિયા સંગઠનો, પ્રમોટર્સ અને પત્રકારોનું ક્રોસ-મીડિયા એડવોકેસી અને એક્શન ગ્રુપ છે.
- ભારતે ઈરાનની પસરગાદ બેંકને મુંબઈમાં એક શાખા ખોલવાની અનુમતિ આપી. તેમજ ભારતની યુકો બેંક ઈરાનમાં એક શાખા ખોલશે. બંને બેંક ઈરાનના ચાબહાર પોર્ટ પર બર્થના સંચાલન સંબંધી લેવડદેવડની સુવિધા પ્રદાન કરશે.
- 18મો 'સ્વામિ હરિદાસ તાનસેન સંગીત નૃત્ય મહોત્સવ' નવી દિલ્હીમાં યોજાયો.
- અરુણાચલ પ્રદેશના સિયાંગ જિલ્લામાં સિયાંગ નદી પર ભારતના સૌથી લાંબા સિંગલ લેન સ્ટીલ કેબલ સસ્પેંશન પુલ 'બ્યોરુંગ પુલ'નું ઉદ્ઘાટન.
- SEBI (સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા)એ ડો. શંકર ડેની અધ્યક્ષતામાં મૂડી બજારના વિકાસ અને રેગ્યુલેશન માટે એક 'રિસર્ચ એડવાઇઝરી' સમિતિની રચના કરી.
- ભારત દેશ એશિયન પ્રથમ જીતનાર સીરિઝ ટેસ્ટ દેશમાં વધારે થી8અને વિશ્વનો ચોથો દેશ બન્યો.

12

- લિવરપૂલના મોહમ્મદ સલહની કેફ (કોન્ફેડરેશન ઓફ આફ્રિકન ફૂટબોલ) 'પ્લેયર ઓફ ધ યર-2018' પુરસ્કાર માટે પસંદગી.
- નોબલ વિજેતા મલાલા યુસુફજઇ દ્વારા દ્વારા લેખિત 'વી આર ડિસ્પ્લેસ્ડ' નામનું પુસ્તક ભારતમાં પ્રકાશિત. આ પુસ્તકમાં દુનિયાભરમાં યાત્રા કરવાની અને શરણાર્થી શિબિરોની મુલાકાત કરવાના તેમના અનુભવોનું વિવરણ છે.
- સર્બિયાનો નોવાક જોકોવિચ ATP રેન્કિંગમાં પ્રથમ સ્થાને. જયારે મહિલા કેટેગરીમાં રોમાનિયાની સિમોના હાલેપ પ્રથમ સ્થાને.
- GST પરિષદની 32મી બેઠક દરમ્યાન 40 લાખ રૂપિયા સુધીનો વાર્ષિક વ્યવસાય ધરાવતી કંપનીઓને GST નેટથી બહાર રાખવાનો નિર્ણય. આ પહેલાં આ મર્યાદા 20 લાખ સુધીની હતી. GST રજિસ્ટ્રેશનમાંથી મુક્તિ આપવાની મર્યાદા નક્કી કરવાની સત્તા રાજ્યને સોંપાઈ.
- ટોપર રહી ચૂકેલ કાશ્મીરી IAS શાહ ફૈસલ નોકરી છોડીને નેશનલ કોન્ફરન્સ તરફથી લોકસભાની ચૂંટણી લડશે.
- કેન્દ્રએ જમ્મુના સાંબામાં, કાશ્મીરના પુલવામામાં અને ગુજરાતના રાજકોટમાં એમ ત્રણ AIIMSની સ્થાપનાને મંજૂરી આપી. આ AIIMSની સ્થાપના પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (PMSSY) અંતર્ગત કરવામાં આવશે.

- વિશ્વનો સૌથી મોટો ટેકનોલોજી ટ્રેડ શો 'CES (કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ શો) એક્સ્પો' લાસવેગાસમાં શરૂ.
- CBI ડિરેક્ટર પદેથી હટાવાયા બાદ આલોક વર્માનું રાજીનામું.
- જમ્મુ-કાશ્મીરની બવલીન કૌરે 'ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ-2019'માં મહિલાઓની અંડર-17 ઓલ-રાઉન્ડ રિધમિક જિમ્નાસ્ટિકમાં સુવર્ણ જીત્યો.
- તાઈવાનના રાષ્ટ્રપતિ ત્સાઈ ઈંગ-વેને સુ ત્સેંગ-ચાંગને તાઈવાનના વડાપ્રધાન નિયુક્ત કર્યા.
- 12 જાન્યુઆરી: રાષ્ટ્રીય યુવા દિવસ. સ્વામી વિવેકાનંદનો જન્મ દિવસ.
- વિરાટ કોહલી અને કોચ રવિ શાસ્ત્રીએ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ (SCG)ની માનદ સભ્યતા મેળવી.

13

- હૈદરાબાદમાં ઉત્તરાયણ પર પતંગ ચગાવવા પર પ્રતિબંધ.
- કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે 'ઉડે દેશ કા આમ નાગરિક-3' (UDAN-3) હેઠળ 13 વોટર એરોડ્રોમની મંજુરી આપી. પ્રથમ વોટર એરોડ્રોમ અંદામાન-નિકોબાર દ્વીપ સમૂહમાં સંચાલિત કરાશે.
- જાન કુબિસ લેબનોનમાં UNના સ્પેશિયલ કો-ઓર્ડીનેટર નિયુક્ત.
- ONGC આગામી સાત વર્ષમાં આસામમાં કૂવાના સારકામ માટે 6,000 કરોડ રૂપિયાનું રોકાણ કરશે.
- ખરાબ પ્રદર્શન બાદ હોકી ટીમના કોચ પદેથી હરેન્દ્ર સિંહને હટાવાયા.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે નેપાળના સેનાપ્રમુખ જનરલ પૂર્ણ ચંદ્ર થાપાને ઇન્ડિયન આર્મીના જનરલ રેન્કના માનદ પદથી સન્માનિત કર્યા.
- IWF (ઇન્ડિયન વેઇટલિફ્ટિંગ ફેડરેશન)ના અધ્યક્ષ બીરેન્દ્ર પ્રસાદ વૈશ્યની ટોક્યો ઓલિમ્પિક-2020 માટેના શેફ ડી મિશન તરીકે પસંદગી. પ્રથમ વખત ઓલિમ્પિક ગેમ્સ માટે શેફ ડી મિશન સન્માન સાથે વેઇટલિફ્ટિંગને જોડવામાં આવેલ છે.
- ઉત્તર પ્રદેશ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, દિલ્હી, રાજસ્થાન અને ઉત્તરાખંડ વચ્ચે રેણુકાજી બંધ બહુહેતુક પરિયોજના માટે સમજૂતી. આ સમજૂતી હેઠળ યમુના નદી અને તેની બે સહાયક નદીઓ ટોંસ અને ગિરિ પર ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના પહાડી વિસ્તારોમાં ત્રણ સ્ટોરેજ પ્રોજેક્ટ્સનું નિર્માણ કરવાનો પ્રસ્તાવ છે.
- સરકારે 'રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ' (NCAP)ની શરૂઆત કરી. આ કાર્યક્રમ અંતર્ગત 2024 સુધી 102 શહેરોમાં પાર્ટીક્યુલેટ મેટર (PM) પ્રદૂષણ 20થી 30% સુધી ઘટાડવાનું લક્ષ્ય છે.
- ચેન્નઈમાં ઓલ ઇન્ડિયા રેડિયો દ્વારા આયોજિત 'સર્વભાષા કવિ સંમેલન' (રાષ્ટ્રીય સંગોષ્ઠી)નું ઉદઘાટન. પ્રથમ વખત આ સંમેલન ચેન્નઈમાં યોજાયું.
- ચાર્લ્સ કુપ્પરમેન અમેરિકાના ડેપ્યુટી નેશનલ સિક્યુરિટી એડવાઇઝર નિયુક્ત.
- જયદીપ ગોવિંદ રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (NHRC)ના મહાસચિવ નિયુક્ત.
- હેનલે પાસપોર્ટ ઇન્ડેક્સ-2019 અનુસાર 190 દેશોની યાદીમાં જાપાનનો પાસપોર્ટ સૌથી શક્તિશાળી પાસપોર્ટ. ભારત 79મા ક્રમાંકે. 2018માં ભારત 81મા ક્રમાંકે હતો.
- સમરકંદ, ઉઝબેકિસ્તાનમાં પ્રથમ ભારત-મધ્ય એશિયા સમિટ યોજાશે.
- 29મું ભારતીય પેઈન્ટ સંમેલન આગ્રામાં યોજાયું. સંમેલનનો વિષય - પેઈન્ટ્સ પે ચર્ચા-નયે આયામ.

14

- રાષ્ટ્રીય યુવા સંસદ મહોત્સવ-2019નો શુભારંભ.
- ગ્લોબલ એરલાઈન સેફ્ટી એન્ડ પ્રોડક્ટ રેટિંગ એજન્સી 'airlineratings.com' દ્વારા લોન્ચ કરવામાં આવેલ એરલાઈન સેફ્ટી એન્ડ પ્રોડક્ટ રેટિંગ-2018માં જેટ એરવેઝ 7/7 સ્કોર સાથે પ્રોડક્ટ કેટેગરીમાં ટોચના સ્થાને છે.
- ગોદરેજ ગ્રુપના અધ્યક્ષ આદિ ગોદરેજ 'ટ્રાંસલેટિંગ એક્સેલન્સ ઇન કોર્પોરેટ ગવર્નન્સ ઇનટ્ રિયાલિટી' માટે ICSI લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત.
- ચંડીગઢમાં છઠ્ઠો 'ભારતીય મહિલા જૈવિક ઉત્સવ' યોજાયો.
- રાજસ્થાનના બિકાનેરમાં છઠ્ઠો આંતરરાષ્ટ્રીય ઊંટ મહોત્સવ શરૂ. ઉત્સવ દરમ્યાન મિસ્ટર. બિકાના અને મિસ મારવન જેવી સ્પર્ધાઓ તથા વિવિધ ક્ષેત્રોના લોક કલાકારો દ્વારા સાંસ્કૃતિક પ્રદર્શન પણ યોજાશે.
- ઇન્ટરનેશનલ ડેમ સેફ્ટી કોન્ફરન્સ ઓરિસ્સામાં યોજાઈ.
- પેરુમાં વિશ્વની સૌથી અઘરી ઓફ રોડ એડ્યુરન્સ રેસમાંની એક રેસ 'ડકાર રેલી' યોજાઈ.
- કર્નલ રણવીર સિંહ 7 ખંડના સૌથી ઊંચાં શિખરો સર કરનાર પ્રથમ આર્મી ઓફિસર બન્યા. તેઓ ત્રણ એવરેસ્ટ સમિટમાં ભાગ લેનાર એકમાત્ર ભારતીય છે.
- ગ્રેટર નોઇડામાં મેગા ઇન્ટરનેશનલ ફૂડ એન્ડ બેવરેજ શો 'ઇન્ડસ ફૂડ-2019' યોજાયો.
- ગુજરાત સામાન્ય શ્રેણીમાં આર્થિક રીતે નબળા વર્ગો માટે નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં 10% અનામત આપનાર પ્રથમ રાજ્ય બન્યું.
- 14 જાન્યુઆરી: આર્મ્ડ ફોર્સિસ વેટેરન ડે.
- ભારતના પૂર્વ ફૂટબોલર મોહમ્મદ ઝૂલ્ફીકારૂદ્દીનનું નિધન.
- મલેશિયામાં પહંગ સ્ટેટના ક્રાઉન પ્રિન્સ તેંગ્કુ અબ્દુલ્લાહ સુલતાન મુહમ્મદના સ્થાને દેશના નવા રાજા બનશે.
- ભારતના રોનાલ્ડ સિંહે એશિયન ટ્રેક સાઈકલિંગ ચેમ્પિયનશિપમાં એક કિ.મી. ટાઈમ ટ્રાવેલ ઇવેન્ટની જુનિયર પુરુષ કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો.

15

- ભારત સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના- શહેરી (PMAY-U) પહેલ હેઠળ 'ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ' શરૂ કરી.
- થ્રીશુર, કેરળમાં એશિયાની પ્રથમ સ્પોર્ટ્સ આયુર્વેદિક હોસ્પિટલ શરૂ કરાઈ.
- સિક્કિમમાં 'એક પરિવાર એક નોકરી' યોજના શરૂ. આ યોજના અંતર્ગત એવા પરિવારના એક સભ્યને રોજગાર આપવામાં આવશે જેના કોઈ પણ સભ્ય પાસે સરકારી નોકરી નથી.
- લેખિકા નમિતા ગોખલેએ પોતાની નવલકથા 'થિંગ્સ ટુ લીવ બિહાઈન્ડ' માટે 'સુશીલા દેવી સાહિત્ય પુરસ્કાર' જીત્યો.
- લેફ્ટનન્ટ જનરલ જે. એસ. નૈન સ્ટ્રેટેજિક રાઈઝિંગ સ્ટાર કોર્પ્સના 14મા કોર્પ્સ કમાન્ડર નિયુક્ત. રાઈઝિંગ સ્ટાર કોર્પ્સ ભારતીય સેનાનું સૌથી યુવા દળ છે જે 2005માં બનાવાયું હતું.

crackgpsc.com

- GSTની શરૂઆત પછી ઘટી ગયેલ મહેસુલના અવલોકન માટે સુશીલ કુમાર મોદીની અધ્યક્ષતામાં GoM (ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સ)ની રચના કરવામાં આવી.
- બ્રહ્મ દત્ત યસ બેંકના પાર્ટ ટાઈમ નોન-એક્ઝિક્યુટીવ ચેરમેન નિયુક્ત.
- બેંગલુરૂ રેપ્ટર્સે મુંબઈ રોકેટ્સને હરાવીને પ્રીમિયર બેડમિન્ટન લીગ (PBL) ખિતાબ જીત્યો.
- 10 વર્ષીય અભિનવ શો પૂણેમાં આયોજિત ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સમાં શૂટિંગમાં સૌથી નાની ઉમરનો સુવર્ણ વિજેતા બન્યો. તેણે 10 મીટર એર રાઈફલ મિશ્રિત ટીમમાં આ પદક મેળવ્યો.
- કેરળમાં ભારતનું સૌથી મોટું સ્ટાર્ટ અપ 'ઇકોસિસ્ટમ' શરૂ. કેરળ સ્ટાર્ટ અપ મિશન (KSUM) અંતર્ગત એકીકૃત સ્ટાર્ટ અપ કોમ્પલેક્સમાં મેકર વિલેજની અલ્ટ્રા-મોડર્ન સુવિધાઓ સામેલ છે જે હાર્ડવેર સ્ટાર્ટ અપને પ્રોત્સાહન આપે છે.
- નરેન્દ્ર મોદીએ ગુરુ ગોવિંદસિંહની જયંતી ઉજવવા માટે 350 રૂપિયાનો સ્મારક સિક્કો બહાર પાડ્યો.
- 15 જાન્યુઆરી: આર્મી ડે.

16

- ચેન્નઈ ટ્રાફિક પોલીસે રોડ સેફટી રોબોટ 'ROADEO'ને સેવામાં સામેલ કર્યો. આ રોબોટ ટ્રાફિક મેનેજમેન્ટમાં પોલીસની મદદ કરશે અને સડકો પર ચાલનાર રાહદારીઓની પણ મદદ કરશે.
- કર્ણાટકની અક્ષિતા બાસવાની કામતીએ ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સમાં વેઇટ લિફ્ટિંગમાં અંડર-21 આયુ વર્ગમાં 71 કિ.ગ્રા.માં સુવર્ણ મેળવ્યો.
- નરેન્દ્ર મોદી ફિલિપ કોટલર પ્રેસિડેન્સિયલ એવોર્ડ મેળવનાર વિશ્વના પ્રથમ નેતા. આ એવોર્ડ પીપલ, પ્રોફીટ અને પ્લેનેટ પર કેન્દ્રિત છે.
- મુંબઈમાં ગ્લોબલ એવિએશન સમિટ-2019 યોજાઈ.
- એસ. રુદ્ર માયને ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સમાં 269 કિ.ગ્રા. વજન ઊંચકીને વેઇટલિફ્ટિંગમાં સુવર્ણ મેળવ્યો.
- PM મોદીએ કેરળમાં 'અધ્યાત્મિક સર્કિટનો વિકાસ: શ્રી પદ્મનાભ સ્વામી મંદિર-અરનુમુલા-સબરીમાલા' પરિયોજનાનું ઉદઘાટન કર્યું.
- મેસિડોનિયાની સંસદે દેશનું નામ બદલીને રિપબ્લિક ઓફ નોર્થ મેસિડોનિયા કરવા માટેનો પ્રસ્તાવ પસાર કર્યો. 27 વર્ષ જૂના વિવાદને સમાપ્ત કરવા માટેની આ ગ્રીસ સાથે એક સમજૂતી તરીકે છે.
- મહિલા ઉદ્યમીઓ અને સેલ્ફ હેલ્પ ગ્રૂપ્સને વિવિધ પ્રોડક્ટ્સ વેચવા માટે સક્ષમ બનાવવા માટેની એક પહેલ તરીકે 'વુમાનિયા ઓન GeM' શરૂ કરવામાં આવી.
- મોહમ્મદ અલી કમર ભારતના મહિલા બોક્સિંગના કોચ નિયુક્ત.
- પ્રખ્યાત મલયાલમ ફિલ્મકાર કેરળ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશનના અધ્યક્ષ લેનિન રાજેન્દ્રનનું નિધન.
- હરિયાણાના ચંડીમંદિર સૈન્ય સ્ટેશનમાં 'IMBEX 2018-19' નામનો બીજો ભારત-મ્યાનમાર દ્વિપક્ષીય સેના અભ્યાસ શરૂ.
- બી. શ્રી રામ ICICI બેંકના ઈન્ડીપેન્ડન્ટ ડિરેક્ટર નિયુક્ત.
- મનુ સાહની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC)ના CEO નિયુક્ત. તેઓ ફેબ્રુઆરીમાં પોતાનું પદ સંભાળશે અને ડેવિડ રિચર્ડસનનું સ્થાન લેશે.

17

- વયોવૃદ્ધ પ્રત્રકાર રાજેન્દ્ર પ્રભુનું નિધન.
- સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગે દૂરદર્શન સાથે બે વિજ્ઞાન સંચાર ચેનલ 'ડીડી સાયન્સ' અને 'ઇન્ડિયા સાયન્સ' શરૂ કરી.
- ટી. સી. એ. અનંતે UPSCના સભ્ય તરીકે કાર્યભાર સંભાળ્યો.
- શકીલ અહમદે કોલકાતામાં એક લાખ મીટરનું અંતર કાપીને ઇન્ડોર રોઈંગમાં વિશ્વ રેકોર્ડ બનાવ્યો. તેણે 10 કલાકમાં એક લાખ મીટરનું કૃત્રિમ અંતર કાપીને આ સિદ્ધિ મેળવી.
- ઔરંગાબાદમાં 9મી ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન માઈક્રો ઇરીગેશન યોજાઈ.
- હૈદરાબાદમાં પ્રથમ એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કૂલ (EMRS) સ્પોર્ટ્સ મિટ યોજાઈ.
- દિલ્હીમાં યોજાયેલ દિલ્હી આંતરરાષ્ટ્રીય ઓપન શતરંજ ટૂર્નામેન્ટમાં ગ્રાન્ડ માસ્ટર માનક મેળવીને ડી. ગુકેશ દુનિયાનો બીજો સૌથી નાની વયનો ગ્રાન્ડ માસ્ટર બન્યો. યુક્રેનનો સર્જેઈ કારજાકિન સૌથી નાની વયનો ગ્રાન્ડ માસ્ટર છે.
- કર્ણાટકનો સ્વિમર શ્રીહરિ નટરાજ ખેલો ઇન્ડિયામાં સૌથી વધુ (7) સુવર્ણ ચંદ્રક જીતનાર ખેલાડી બન્યો.
- અનંત નારાયણને રાજીનામું આપતાં અમર નગરમ મિન્ત્રા અને જબોંગના નવા પ્રમુખ.
- મુંબઈમાં ઇન્ડિયા રબર એક્સ્પો-2019 યોજાયું. આ એક્સ્પો એશિયાનો સૌથી મોટો રબર એક્સ્પો છે.
- કેન્દ્રીય કેબિનેટ દ્વારા ગુજરાત સહિત દેશભરમાં 13 સેન્ટ્રલ યુનિવર્સિટીની સ્થાપના માટે 3,600 કરોડ રૂપિયાની ફાળવણી.
- સ્ટીફન કોન્સ્ટેન્ટાઈને ભારતીય રાષ્ટ્રીય ફૂટબોલ ટીમના પ્રમુખ કોચ પદેથી રાજીનામું આપ્યું.
- સંગીત નાટક અકાદમી (SNA) વેબ અભિયાન 'સાંઝી-મુજ મેં કલાકાર'નું બીજું સંસ્કરણ શરૂ કરશે. આ અમૂર્ત સાંસ્કૃતિક વારસા (ICH) તથા સીધી જન ભાગીદારી દ્વારા વિવિધ સાંસ્કૃતિક વારસાઓને વિકસાવવા અને પ્રોત્સાહિત કરવાની દિશામાં એક પહેલ છે.
- ભારતીય ચૂંટણી પંચે મતદાતા જાગૃતિ મંચ શરૂ કર્યુ. આ મંચ ચૂંટણીની પ્રક્રિયા વિષે ચર્ચા, ક્વિઝ, સ્પર્ધાઓ અને અન્ય આકર્ષક ગતિવિધિઓના માધ્યમથી જાગૃતિ ફેલાવવા માટેનું એક અનૌપચારિક મંચ છે.

18

- મધ્યપ્રદેશમાં 'જય કિસાન ઋણ મુક્તિ યોજના' નામથી 50,000 કરોડ રૂપિયાની કૃષિ ધિરાણ માફી યોજના શરૂ કરાઈ.
- સી. પી. જોશી રાજસ્થાન વિધાનસભાના સ્પીકર ચૂંટાયા.
- ચીની વકીલ યૂ વેન્શેંગે 'ફ્રેંકો-જર્મન માનવાધિકાર' પુરસ્કાર જીત્યો. તેઓ બેઇજીંગ શહેરમાં પ્રદૂષણ માટે સરકાર પર મુકદમો ચલાવવા માટે જાણીતા છે.
- ગાંધીનગરમાં નરેન્દ્ર મોદી દ્વારા 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો'નું ઉદઘાટન. આ દેશનું સૌથી મોટું એક્ઝિબિશન છે.
- સંજય જૈન અને કે. એમ. નટરાજ સુપ્રિમ કોર્ટમાં ભારતના એડિશનલ સોલિસિટર જનરલ નિયુક્ત.

- આસામ ગણ પરિષદ (AGP)ના કો-ફાઉન્ડર બિરાજ કુમાર સરમાનું નિધન. તેઓ 1985ની ઐતિહાસિક આસામ સમજૂતીના હસ્તાક્ષર કર્તાઓમાંના એક હતા.
- અભિનેત્રી ગ્લેન ક્લોઝને 14મા વાર્ષિક વાઈલ્ડ એવોર્ડ્સમાં 'ઓસ્કાર વાઈલ્ડ એવોર્ડ' આપવામાં આવશે.
- ગાંધી શાંતિ પુરસ્કાર: 2015 - વિવેકાનંદ કેન્દ્રને, 2016 - અક્ષયપાત્ર ફાઉન્ડેશન અને સુલભ ઇન્ટરનેશનલને, 2017 - એકલવ્ય ટ્રસ્ટને, 2018 - યોહી સસાકાવાને.
- પ્રયાગરાજમાં ગાંધીવાદી પુનરુત્થાન શિખર સંમેલન શરૂ. આ સંમેલન ગાંધીજીની 150મી જયંતી નિમિત્તે યોજાયું.
- પેટ્રોલિયમ કન્ઝર્વેશન રિસર્ચ એસોસિએશન (PCRA) દ્વારા 'સંરક્ષણ ક્ષમતા મહોત્સવ' (સક્ષમ)-2019નું આયોજન. એક મહિના સુધી યોજાનાર આ મહોત્સવ એક વાર્ષિક મેગા અભિયાન છે.
- સત્યરૂપ સિદ્ધાંતે એન્ટાર્કટિકાનું સૌથી ઊંચું શિખર માઉન્ટ સિડલી સર કર્યું. આ સાથે તેઓ બધા જ ખંડોમાં સાત સૌથી ઊંચાં શિખરો અને જ્વાળામુખીના શિખર પર ચઢનાર પ્રથમ ભારતીય અને સૌથી નાની વયના વ્યક્તિ બની ગયા.
- લંડનમાં The International Observatory of Human Rights (IOHR) દ્વારા માનવ અધિકારો માટે સમર્પિત દુનિયાની પ્રથમ ટી. વી. ચેનલ શરૂ.
- 86મી રાષ્ટ્રીય બિલિયર્ડસ એન્ડ સ્નૂકર ચેમ્પિયનશિપ ઇન્દોરમાં યોજાઈ.

19

- દિલ્હીના તાલકોટા સ્ટેડિયમમાં યોજાયેલ 10મી ઇન્ટરનેશનલ તાંગ સુડો ચેમ્પિયનશિપમાં ગુજરાતના નિસર્ગ જાનીએ ગોલ્ડ મેડલ જીત્યો.
- વિનેશ ફોગાટ 'લોરિયલ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ' માટે નોમિનેટ થનાર પ્રથમ ભારતીય બની.
- નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં સુપર સ્પેશિયાલિટી પબ્લિક હોસ્પિટલ 'સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સીઝ એન્ડ રિસર્ચ'નું ઉદઘાટન કર્યું. આ હોસ્પિટલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિર્મિત છે. આ હોસ્પિટલ ગુજરાતની પ્રથમ એર-એમ્બ્યુલન્સ માટે હેલિપેડની સુવિધાવાળી હોસ્પિટલ છે. જે 750 કરોડનાં ખર્ચે તૈયાર થયેલ છે.
- લિંગપ્પા નારાયણ સ્વામી કર્ણાટક હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ નિયુક્ત.
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ત્રિમાસિક ધોરણે 10,000 કરોડ રૂપિયાથી વધુ નફો કરનાર દેશની પ્રથમ ખાનગી કંપની બની.
- ચીનના ડુનહુઆંગમાં દેશનો પ્રથમ 100 મેગાવોટનો મોલ્ટન સોલાર પ્લાન્ટ શરૂ થયો. વિશ્વનો પ્રથમ મોલ્ટન સોલાર પ્લાન્ટ અમેરિકાના નવાદામાં બન્યો છે.






- પ્રભાત સિંહ રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (NHRC)માં ડિરેક્ટર જનરલ-ઇન્વેસ્ટીગેશન નિયુક્ત.
- ISROએ બેંગલુરુમાં 'UNNATI' કાર્યક્રમ શરૂ કર્યો. બાહ્ય અંતરિક્ષની શોધ અને શાંતિપૂર્ણ ઉપયોગ પર પ્રથમ સંયુક્ત રાષ્ટ્ર સંમેલનની 50મી વર્ષગાંઠ 'UNISPACE-50' ઉજવવા માટે આ કાર્યક્રમ શરૂ કર્યો.
- રોજગાર નિર્માણ માટે સરકારની પ્રમુખ યોજના પ્રધાનમંત્રી રોજગાર પ્રોત્સાહન યોજના (PMRPY)એ એક કરોડથી વધુ લોકોને લાભ આપીને એક નવો રેકોર્ડ બનાવ્યો.
- નાગપુરમાં બીજો 'વર્લ્ડ ઓરેન્જ ફેસ્ટીવલ' શરૂ.

20

- ડૉ. રતન લાલ જાપાન પુરસ્કાર-2019થી સન્માનિત.
- અમેરિકાના ડેમોક્રેટિક કાનૂનવિદ રાજા કૃષ્ણમૂર્તિ ઇન્ટેલિજન્સ પરની એક કોંગ્રેસ કમિટીના સભ્ય નિયુક્ત. તેઓ અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત કરવા માટે કામ કરનાર શક્તિશાળી કોર્પોરેશનમાં કામ કરનાર પ્રથમ એશિયન બન્યા.
- RBIએ બેંક ઓફ મહારાષ્ટ્ર પર KYC ગાઈડલાઈન્સ અને ફ્રોડ-ક્લાસિફીકેશન નોર્મ્સનું યોગ્ય પાલન ન કરવા માટે 1 કરોડનો દંડ ફટકાર્યો.
- મુંબઈમાં નેશનલ મ્યુઝિયમ ઓફ ઇન્ડિયન સિનેમા (NMIC)નું ઉદઘાટન.
- ASEAN અને ભારતના પર્યટન મંત્રીઓની સાતમી બેઠક વિયેતનામના હા લોન્ગમાં યોજાઈ.
- ભારત હેવી ઇલેક્ટ્રોનિક્સ લિ. (BHEL) અને LIBCOIN ભારતના પ્રથમ 1 GW લિથિયમ-આયન બેટરી પ્લાન્ટનું નિર્માણ કરશે. આ પ્રોજેક્ટ તેલની આયાતના સ્થાને ઊર્જા સ્વતંત્રતા અને પુષ્કળ પ્રમાણમાં રિન્યુએબલ એનર્જી આપશે.
- પી. આર. વકીલ અહમદ કાઉન્સિલ ફોર લેધર એક્સપોર્ટ્સ (CLE)ના અધ્યક્ષ નિયુક્ત.
- ભારત સરકારે ગુજરાત અને તમિલનાડુમાં ત્રણ નવા નેવિ એર સ્ક્વોડ્રન સ્થાપવાની મંજૂરી આપી. આ ત્રણ સ્ક્વોડ્રન ઇન્ડિયન નેવિની સ્ટ્રેન્થમાં વધારો કરશે.
- ભારતીય-અમેરિકન ગુરિંદર સિંહ ખાલસાને સાહસ અને કરુણાના નિરંતર પ્રદર્શન માટે પ્રતિષ્ઠિત 'રોજા પાર્ક્સ ટ્રેલબ્લેઝર' પુરસ્કાર આપવામાં આવ્યો. તેમણે શરૂ કરેલ અભિયાને અમેરિકન અધિકારીઓને સિખ સમુદાયની પાઘડી પ્રત્યે પોતાની નીતિ બદલવા માટે મજબુર કર્યા.
- ગુજરાતના હજીરામાં L&Tના 'આર્મ્ડ સિસ્ટમ્સ કોમ્પલેક્ષ'નું ઉદઘાટન કરીને વડાપ્રધાને સુરતમાં બનેલી K9 ટેન્ક રાષ્ટ્રને સમર્પિત કરી. ખાનગી ક્ષેત્રની દેશની સૌથી મોટી ડિફેન્સ ફેક્ટરી લાર્સન એન્ડ ટુબ્રો દ્વારા તૈયાર થયેલી છે. આ ટેન્ક ઝીરો રેડિયસમાં પણ ટર્ન લઇ શકે છે, કોઈ પણ ગાડી વાહનને વળાંક લેવા માટે ઓછાવત્તા અંશે રેડિયસની જરૂર પડતી હોય છે, પણ આ ટેન્કને એવી કોઈ જરૂર પડતી નથી.
- રણજી ટ્રોફી ક્રિકેટ ટૂર્નામેન્ટમાં સૌરાષ્ટ્રે આસામનો 11 વર્ષ જૂનો રેકોર્ડ તોડીને સૌથી વધુ રન (372) ચેઝ કરવાનો રેકોર્ડ બનાવ્યો.
- નાસિક દેશનું બીજું રક્ષા નવાચાર કેન્દ્ર સ્થાન બનશે. ભારતનું પ્રથમ રક્ષા નવાચાર કેન્દ્ર કોઇમ્બતુર છે.

21

- સ્વીડનના વડાપ્રધાન સ્ટીફન લોફવેન ફરીથી ચાર વર્ષના બીજા કાર્યકાળ માટે ચૂંટાયા.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીમાં 15મા પ્રવાસી ભારતીય દિવસનું ઉદઘાટન કર્યું.
- ઉત્તરપ્રદેશ સરકારે ચંદોલી જિલ્લાના મુગલસરાઈ તાલુકાનું નામ બદલીને પંડિત દીન દયાળ ઉપાધ્યાયના નામ પર રાખવાની મંજૂરી આપી. ઓગસ્ટ-2018માં મુગલસરાઈ રેલવે સ્ટેશનનું નામ બદલીને પંડિત દીન દયાળ ઉપાધ્યાયના નામ પર રાખવામાં આવ્યું હતું.
- જાપાને એપ્સિલોન-4 રોકેટ દ્વારા લોન્ચ દુનિયાનો પ્રથમ કૃત્રિમ ઉલ્કાપાત કરવા માટે એક ઉપગ્રહ લોન્ચ કર્યો. ટોક્યો સ્થિત એક સ્ટાર્ટ અપ ALE કંપનીએ હિરોશીમા પર ઉલ્કાપાત પ્રદર્શન કરવા માટે આ ઉપગ્રહ વિકસાવ્યો.
- ભારત સરકારે પ્રથમ વાર મિલીટરી પોલીસમાં અધિકારી રેન્કથી નીચેના કર્મચારી (PBOR) વર્ગમાં મહિલાઓને સામેલ કરવાનો નિર્ણય લીધો.
- વિમેન ક્રિકેટ એસોસિએશન ઓફ ઇન્ડિયાનાં વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ગુજરાતનાં ધારિણીબેન શાહની પસંદગી.
- અંકિતા રૈનાએ સિંગાપુરમાં આંતરરાષ્ટ્રીય ટેનિસ મહાસંઘ (ITF)ની મહિલા ટૂર્નામેન્ટ જીતી.
- એન્ડ્રી રાજોઇલિનાએ મેડાગાસ્કરના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા.
- દુનિયાના સૌથી વૃદ્ધ વ્યક્તિ જાપાનના મસાજો નોનકાનું 113 વર્ષની વયે નિધન.
- UNESCOએ બ્રાઝિલના રિયો ડી જનેરિયો શહેરને વર્લ્ડ કેપિટલ ઓફ આર્કીટેક્ચર-2020 જાહેર કર્યું. રિયો શહેર UNESCO અને ઇન્ટરનેશનલ યુનિયન ઓફ આર્કીટેક્ટ્સ (UIA) દ્વારા નવેમ્બરમાં એક સાથે શરૂ થયેલ કાર્યક્રમ અંતર્ગત આ ઉપાધિ મેળવનાર પ્રથમ શહેર હશે. રિયો જુલાઈ-2020માં UIAની વિશ્વ કોંગ્રેસની મેજબાની કરશે.
- આર્કીઓલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા (ASI)એ ઓરિસ્સાના કાલાહાંડી જિલ્લાના અસુરગઢ કિલ્લામાં ખોદકામ કરતાં 2,300 વર્ષ જૂની કલાકૃતિઓની શોધ કરી. આ કૃતિઓ મૌર્ય અને કુષાણ કાળ સાથે સંબંધિત છે.
- બંગાળી લેખક અતીન બંદોપાધ્યાયનું નિધન. તેમણે 'પંચશતી ગલ્પ' લઘુકથાઓનાં સંકલન માટે 2001માં સાહિત્ય અકાદમી પુરસ્કાર મેળવ્યો હતો.
- રક્ષામંત્રી નિર્મલા સીતારમણે તમિલનાડુ ડિફેન્સ ઇન્ડસ્ટ્રીઅલ કોરિડોરનું ઉદઘાટન કર્યું.

22

- ધ ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઇન્ડિયા (IBBI)એ 'ગૃપ ઇન્સોલ્વન્સી'ના અવલોકન અને એક યોગ્ય રૂપરેખા અંગે સલાહ આપવા માટે SEBIના પૂર્વ પ્રમુખ યુ. કે. સિંહાની અધ્યક્ષતામાં 11 સદસ્યીય સમિતિની રચના કરી.
- અમેરિકા નિવાસી ભારતીય કવયિત્રી રંજની મુરલીએ એપીજે કોલકાતા લિટરરી ફેસ્ટીવલ (AKLF)માં 'વુમન્સ વોઈસ એવોર્ડ' જીત્યો.
- PwCના ગ્લોબલ ઈકોનોમી વોચ રિપોર્ટ અનુસાર ભારત 2019માં વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા રેન્કિંગમાં UKને પાર કરશે.
- વૈજ્ઞાનિક અને ભારત રત્ન સી. એન. આર. રાવની UAEના સેન્ટર ફોર એડવાન્સ્ડ મટીરીયલ્સના પ્રથમ 'શેખ સાઉદ ઇન્ટરનેશનલ પ્રાઈઝ ફોર મટીરીયલ્સ રિસર્ચ' માટે પસંદગી.

crackgpsc.com

- કેલીફોર્નિયાથી 'નેશનલ રિકોનઈસન્સ ઓફિસ સેટેલાઈટ' નામનો અમેરિકન સ્પાઈ સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યો.
- પૂણેમાં ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સનું સમાપન. મહારાષ્ટ્ર રાજ્ય 228 પદક સાથે પ્રથમ સ્થાને જયારે હરિયાણા બીજા અને દિલ્હી ત્રીજા સ્થાને. મહારાષ્ટ્રે 85 સુવર્ણ ચંદ્રક સાથે 'જનરલ ચેમ્પિયનશિપ ઓફ ખેલો ઇન્ડિયા-2019' મેળવી.
- અપર્ણા કુમાર દક્ષિણ ધ્રુવ અભિયાન સફળતાપૂર્વક પૂર્ણ કરનાર પ્રથમ ભારતીય મહિલા IPS ઓફિસર બન્યાં.
- પાવર ગ્રિડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (PGCIL)ના અધ્યક્ષ શેખર ઝા સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (CERC)ના સભ્ય બન્યા.
- નેપાળની સેન્ટ્રલ બેંકે ભારતની રૂ. 2,000, રૂ. 500 અને રૂ. 200ની ચલણી નોટોના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો.
- હમીરપુરના સાંસદ અનુરાગ ઠાકુર 'સંસદ રત્ન પુરસ્કાર'થી સન્માનિત. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામની સલાહથી 2010માં આ પુરસ્કારની શરૂઆત કરવામાં આવી હતી. આ પુરસ્કાર શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર 12 સાંસદોને આ પુરસ્કાર આપવામાં આવે છે.

23

- 15 વર્ષથી ઓછી અને 65 વર્ષથી વધુ વયના ભારતીયો માટે નેપાળ અને ભૂટાનની યાત્રા માટે આધાર કાર્ડ વેલિડ ટ્રાવેલિંગ ડોક્યુમેન્ટ.
- પ્રસિદ્ધ લિંગાયત દ્રષ્ટા શિવકુમાર સ્વામીનું નિધન. તેઓ પાંચ સદી જૂના સિદ્ધગંગા મઠના પ્રમુખ પૂજારી હતા. તેમના અનુયાયીઓ તેમને એક 'જીવિત દેવતા' માનતા હતા.
- કેન્યાના કોસમોસ લેગાટ અને ઇથોપિયાની વર્કનેશ અલેમુએ મુંબઈમાં ટાટા મુંબઈ મેરેથોનમાં અનુક્રમે પુરુષ અને મહિલા વર્ગના ખિતાબ જીત્યા.
- તમિલનાડુમાં આયોજિત સાંઢને વશમાં કરવાની એક સ્પર્ધા 'જલ્લીકટ્ટુ'એ મેદાનમાં છોડવામાં આવેલ સાંઢની અધિકતમ સંખ્યાનો વિશ્વ રેકોર્ડ બનાવ્યો. આ સ્પર્ધામાં 1,354 સાંઢ છોડવામાં આવ્યા અને તેમને વશ કરવા 424 વ્યક્તિઓએ ભાગ લીધો. જલ્લીકટ્ટૂ સામાન્ય રીતે પોંગલની ઉજવણીના એક ભાગ રૂપે હોય છે.
- વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (WEF)ની 49મી બેઠક સ્વિત્ઝરલેન્ડના દાવોસમાં યોજાઈ. આ બેઠકનો વિષય: વૈશ્વીકરણ 4.0-ચોથી ઔદ્યોગિક ક્રાંતિના યુગમાં વૈશ્વિક વાસ્તુકલાને આકાર આપવો.
- બુર્કિના ફાસોના રાષ્ટ્રપતિ રોચ માર્ક ક્રિશ્ચિયન કાબોરે ક્રિસ્ટોફ ડાબાયરને નવા વડાપ્રધાન તરીકે નિયુક્ત કર્યા.
- વિરાટ કોહલી ICC દ્વારા 'મેન્સ ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યર' અને 'મેન્સ વનડે ક્રિકેટર ઓફ ધ યર' ઘોષિત. ઋષભ પંત ઇમર્જિંગ પ્લેયર ઓફ ધ યર-2018 ઘોષિત.
- ધ 2019 એડેલમેન ટ્રસ્ટ બેરોમીટરના ગ્લોબલ ટ્રસ્ટ ઇન્ડેક્સ મુજબ ચીન સૂચિત જનતા અને સામાન્ય જનસંખ્યા બંને કેટેગરીમાં પ્રથમ સ્થાને. જયારે ભારત સૂચિત જનતા ક્ષેત્રે બીજા અને સામાન્ય જનસંખ્યા શ્રેણીમાં ત્રીજા ક્રમાંકે.

- IIT-હૈદરાબાદ 2019-20થી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)માં પૂર્ણ બી. ટેક કાર્યક્રમ શરૂ કરશે. IIT-હૈદરાબાદ AIમાં આ પ્રકારનો કાર્યક્રમ શરૂ કરનાર પ્રથમ ભારતીય શૈક્ષણિક સંસ્થા બનશે.
- ભારત સરકારે દવાઓ અને સ્વાસ્થ્ય સંબંધી ઉત્પાદનોના મૂલ્ય નિર્ધારણની દેખરેખ માટે એક સ્થાઈ સમિતિની રચના કરી જેની અધ્યક્ષતા નીતિ આયોગ મેમ્બર (હેલ્થ) કરશે.
- ચોથું ઇન્ડિયા સ્ટીલ 2019-એક્ઝિબિશન અને સંમેલન મુંબઈમાં યોજાયું.

24

- રેલવેના 'કુલ સ્વચ્છતા સર્વેક્ષણ' અનુસાર ઝોનલ રેન્કિંગમાં ઉત્તર પશ્ચિમ રેલવે (NWR) 'પ્રીમિયમ' કેટેગરીની ટ્રેન્સ બાબતે ટોચના સ્થાને. જ્યારે દક્ષિણ રેલવે 'અધર ધેન પ્રીમિયમ' કેટેગરીમાં ટોચ પર.
- ઇઝરાયેલ અને અમેરિકાએ 'એરો 3' નામની બેલેસ્ટિક મિસાઈલ ઇન્ટરસેપ્ટર્સનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. એરો 3 ઇન્ટરસેપ્ટર સિસ્ટમ વાયુમંડળની ઉપર મિસાઈલ્સને મારવા માટે ડિઝાઈન કરાઈ છે.
- એક બેટ્સમેન અને કેપ્ટન તરીકેના પોતાના ઉલ્લેખનીય પ્રદર્શન બાદ વિરાટ કોહલી ICC ટેસ્ટ અને ODIના કેપ્ટન તરીકે ઘોષિત.
- નરેન્દ્ર મોદીએ દિલ્હીના લાલ કિલ્લામાં નેતાજી સુભાષચંદ્ર બોઝ મ્યુઝિયમનું ઉદઘાટન કર્યું.
- ગુજરાતી કવિ સિતાંશુ યશચંદ્ર 'સરસ્વતી સન્માન-2017'થી સન્માનિત. ગુજરાતીમાં 'વખર' નામના તેમના કાવ્ય સંગ્રહ માટે તેમણે આ સન્માન મેળવ્યું.
- પૂર્વ હોકી ખેલાડી રઘબીર સિંહ ભોલાનું નિધન.
- ભારતીય બોલર મોહમ્મદ શમી ODI (56) મેચમાં 100 વિકેટ લેનાર સૌથી ઝડપી બોલર બન્યો. આ પહેલાં ઈરફાન પઠાણ 59 ODI મેચમાં 100 વિકેટ લેનાર બોલર હતો.
- નાઈઝીરીયામાં લાસા ફિવરના પ્રકોપથી 16નાં મૃત્યુ. લાસા ફિવર મારબર્ગ અને ઇબોલા જેવા ઘાતક વાયરસની જેમ પરિવાર સંબંધી છે, જે તાવ, ઉલ્ટી અને સૌથી ખરાબ સ્થિતિમાં રક્તસ્રાવ સાથે ફેલાય છે.
- 24 જાન્યુઆરી: રાષ્ટ્રીય બાલિકા દિવસ. આ વર્ષનો વિષય - ઉજ્જવળ કાલ માટે છોકરીઓનું સશક્તિકરણ.
- 24 જાન્યુઆરી: આંતરરાષ્ટ્રીય શિક્ષા દિવસ.

25

- કેન્દ્રીય મંત્રીમંડળે ઉત્તર-પૂર્વીય અનુસુચિત ક્ષેત્રોમાં સ્વાયત્ત પરિષદની શક્તિઓ વધારવા માટે બંધારણની કલમ 280માં સુધારાની મંજૂરી આપી. સુધારા બાદ આસામ, મેઘાલય, મિઝોરમ અને ત્રિપુરા રાજ્યોની સ્વાયત્ત જિલ્લા પરિષદોને વધુ અધિકારો મળશે.
- લોયડ્સ રિપોર્ટ અનુસાર જવાહરલાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટ (JNPT) ટોચનાં 30 ગ્લોબલ કન્ટેઈનર પોર્ટ્સમાં સામેલ થનાર એક માત્ર ભારતીય બંદર. આ સૂચિમાં JNPT 28મા ક્રમે છે.
- નરેન્દ્ર મોદીએ 'પ્રવાસી તીર્થ દર્શન યોજના' શરૂ કરી. આ યોજના હેઠળ ભારતીય પ્રવાસીઓના એક સમૂહને વર્ષમાં બે વખત ભારતમાં ધાર્મિક સ્થળોએ યાત્રા કરાવાશે, જેમાં હવાઈ ભાડા સહિતનો તમામ

ખર્ચ સરકાર આપશે. 45થી 65 વર્ષની વયના ભારતીય મૂળના નાગરિકો આ યાત્રા માટે અરજી કરી શકે છે.

- ભારતીય લઘુ ફિલ્મ 'પીરિયડ, એન્ડ ઓફ સેટેન્સ'એ 91મા એકેડમી (ઓસ્કાર) પુરસ્કાર માટે દસ્તાવેજી લઘુ વિષય કેટેગરીમાં નામાંકન મેળવ્યું.
- 'રેગ્યુલેશન ઓફ હોમિયોપેથિક મેડિકલ પ્રોડક્ટ્સ; એડવાન્સિંગ ગ્લોબલ કોલાબરેશન' પરની વર્લ્ડ ઈન્ટીગ્રેટેડ મેડિસીન ફોરમ-2019 ગોવામાં યોજાઈ.
- અરુણ જેટલીની અસ્વસ્થતા દરમ્યાન કોલસા અને રેલવે મંત્રી પીયૂષ ગોયલને નાણા મંત્રી તથા કોર્પોરેટ અફેર્સ મિનિસ્ટર તરીકેનો કાર્યભાર.
- ગિરીશ પંત, સુરેન્દ્ર સિંહ કંધારી અને ડૉ. જુલેખા દાઉદને 'પ્રવાસી ભારતીય સન્માન' પુરસ્કાર. આ પુરસ્કાર એક બિનનિવાસી ભારતીય (NRI), એક ભારતીય મૂળના વ્યક્તિ (PIO) કે NRI અથવા PIO દ્વારા સંચાલિત સંસ્થાને રાષ્ટ્રપતિ દ્વારા આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે.
- ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા દિલ્હીમાં ચૂંટણીને સમાવેશી અને સુલભ બનાવવા બાબતે એક આંતરરાષ્ટ્રીય સંમેલન યોજાયું.
- નેવિ ચીફ એડમિરલ સુનિલ લાંબાએ અંદામાન નિકોબાર દ્વીપ સમૂહમાં નવા નેવલ એર બેઝ 'INS કોહાસા'નું કમિશન કર્યું. આ એર બેઝનો ઉપયોગ ડોર્નિયર જેવા હેલિકોપ્ટર અને નાના વિમાનોના સંચાલન માટે કરવામાં આવશે.
- રવનિત ગિલ યસ બેંકના CEO અને MD નિયુક્ત.
- ભારત સરકારે 'સુભાષ ચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર' નામના વાર્ષિક પુરસ્કારની સ્થાપના કરી. વર્ષ 2019 માટે NDRFની આઠમી બટાલિયનને આ પુરસ્કાર માટે પસંદગી. આ પુરસ્કારની ઘોષણા 23 જાન્યુઆરીના રોજ નેતાજીની જન્મ જયંતીએ કરવામાં આવશે.
- 25 જાન્યુઆરી દિવસ મતદાતા રાષ્ટ્રીય :

26

- બ્રાન્ડ ફાયનાન્સના એક રિપોર્ટ અનુસાર ભારતની IT કંપની TCS વૈશ્વિક સ્તરે ત્રીજી સૌથી મૂલ્યવાન IT સર્વિસ બ્રાન્ડ (2018-19) બની. એક્સેંચર અને IBM અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને.
- IIT-રોપડ (પંજાબ)એ દ્રષ્ટિબાધિત લોકોને ઇમેજ પ્રોસેસિંગ અને એનાલિટીક્સનો ઉપયોગ કરીને સરળતાથી ચલણી નોટોના મૂલ્ય નિર્ધારણમાં મદદ થાય એ માટે 'રોશની' એપ વિકસાવી.
- રોનજોય દત્તા એર કંપની ઇન્ડિગોના નવા CEO નિયુક્ત.
- DRDO અને ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ (IAI) દ્વારા વિકસવાયેલ લોન્ગ રેન્જ સરફેસ-ટુ-એર મિસાઇલ (LRSAM)નું INS ચેન્નઈથી સફળતાપૂર્વક પરીક્ષણ.
- સુલ્તાન મહમ્મદ 5માના રાજીનામા બાદ સુલતાન અબ્દુલ્લા મલેશિયાના નવા રાજા નિયુક્ત. તેઓ એશિયન હોકી ફેડરેશનના અધ્યક્ષ છે અને FIFAના એક પરિષદ સભ્ય છે.
- મહાન હિન્દી લેખિકા કૃષ્ણા સોબતીનું નિધન. તેઓ હિન્દી સાહિત્યનાં 'ગ્રાન્ડ ડેમ' તરીકે ઓળખાતાં હતાં. તેઓ સાહિત્ય અકાદમી પુરસ્કાર અને જ્ઞાનપીઠ વિજેતા હતાં. 'ઝીંદગીનામા' તેમની સૌથી પ્રશંસિત રચનાઓમાની એક છે.

crackgpsc.com

- કોમનવેલ્થ ઓફ લર્નિંગે 96 વર્ષીય કાર્થ્યનિ અમ્માને પોતાના રાજદૂત નિયુક્ત કર્યા. તેમણે કેરળ સરકાર દ્વારા આયોજિત 'અક્ષરલક્ષ્મ' સાક્ષરતા પરીક્ષામાં પ્રથમ રેન્ક મેળવ્યો હતો. કોમનવેલ્થ ઓફ લર્નિંગ કોમનવેલ્થ દેશોમાં શિક્ષણના પ્રચાર માટે કામ કરતી કેનેડાની એક સંસ્થા છે.
- પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી ભારત રત્નથી સન્માનિત. સામાજિક કાર્યકર્તા નાનાજી દેશમુખ અને આસામના સંગીતકાર ભૂપેન હજારિકાને મરણોપરાંત ભારત રત્ન.
- આતંકીમાંથી સૈનિક બનેલા લાંસ નાયક નઝીર અહમદ વાની અશોક ચક્રથી સન્માનિત. 2004માં ભારતીય સેનામાં સામેલ થયા અને 2018માં એક આતંકવાદ-વિરોધી ઓપરેશન દરમ્યાન માર્યા ગયા.
- ઈસરોએ 'PSLV C-44' રોકેટ દ્વારા 'કલામસેટ' નામનો એક સ્ટુડન્ટ સેટેલાઈટ અને 'માઈક્રોસેટ-આર' નામનો એક ઇમેજિંગ ઉપગ્રહ એમ બે સેટેલાઈટ લોન્ચ કર્યા. માઇક્રોસેટ R ISROએ 274 કિ.મી.ની ઊંચાઈએ એક નીચલી કક્ષામાં પહોંચાડેલ પ્રથમ ઉપગ્રહ છે.
- કેન્દ્રીય મંત્રી કર્નલ રાજ્યવર્ધન રાઠોડે દેશભક્તિ અને રાષ્ટ્ર નિર્માણ પર રાષ્ટ્રીય ભાષણ સ્પર્ધાનું ઉદઘાટન કર્યું.
- કેન્દ્ર સરકારે IIT, મદ્રાસમાં ત્રણ મહત્વના કેન્દ્રોની સ્થાપના કરી. (1) DST-IITM સોલર એનર્જી હારનેસિંગ સેન્ટર (2) DST-IITM વોટર IC ફોર SUTRAM ઓફ ઈજી વોટર અને (3) ધ ટેસ્ટ બેડ ઑ સોલર થર્મલ ડિસેલિનેશન સોલ્યુશન્સ.

27

- આન્દ્રેઇ મકેનની 'લા વિયે દુન હોમ્મ ઇનકોન્નૂ (ધ લાઈફ ઓફ આ અનનોન મેન)ના તામિલ અનુવાદને સાહિત્યિક અનુવાદ માટે 'રોમેન રોલેંડ' પુરસ્કાર. આ પુસ્તકનો અનુવાદ એસ. આર. કિચેનામૂર્તિએ કર્યો હતો.
- કન્નડ લેખક જયંત કેકિનીએ અનુવાદક તેજસ્વિની નિરંજના સાથે પુસ્તક 'નો પ્રેઝંટ્સ પ્લીઝ: મુંબઈ સ્ટોરીઝ' માટે પ્રતિષ્ઠિત 'DSC પ્રાઈઝ ફોર સાઉથ એશિયન લિટરેચર' જીત્યું. પ્રથમ વખત એક કન્નડ લેખ અને અનુવાદમાં એક લેખને આ પુરસ્કાર મળ્યો.
- ભારતીય સેના પ્રમુખ જનરલ બીપિન રાવત 'પરમ વિશિષ્ટ સેવા પદક (PVSM)'થી સન્માનિત.
- કમાન્ડર ટોમી અભિલાષ નાવ સેના પદકથી સન્માનિત.
- કોરપોરલ જ્યોતિ પ્રકાશ નિરાલાને મરણોપરાંત અશોક ચક્ર.
- પાકિસ્તાન સરકારે ટ્વિટર પર એક સર્વેક્ષણ બાદ શેરડીના રસને રાષ્ટ્રીય પેય (નેશનલ ડ્રિંક) ઘોષિત કર્યો.
- નુમાલીગઢ રિફાઇનરી લિ.ને 'ગવર્નન્સ નાઉ PSU' પુરસ્કારમાં સર્વશ્રેષ્ઠ વ્યૂહાત્મક પ્રદર્શન માટે 'સર્વશ્રેષ્ઠ મિનીરત્ન PSU' પુરસ્કાર.
- રાષ્ટ્રપતિએ 112 લોકોને પદ્મ પુરસ્કારથી સન્માનિત કર્યા. 4 પદ્મ વિભૂષણ, 14 પદ્મ ભૂષણ અને 94 પદ્મ શ્રી પુરસ્કાર. પુરસ્કાર પ્રાપ્તકર્તાઓમાંથી 20 મહિલાઓ.
    - પત્રકાર કુલદીપ નાયરને મરણોત્તર પદ્મભૂષણ અને અભિનેતા કાદરખાનને મરણોત્તર પદ્મશ્રી એવોર્ડ.

- **પદ્મ વિભૂષણ :**તિજન બાઇ, ઇસ્માલ ઉમર ગુલે ,અનિલકુમાર મણિભાઈ નાઇક, બાલવંત મોરેશ્વર પુરન્દરે
- **પદ્મ ભૂષણ :**સુખદેવ સિંહ ઢિંદસા, પ્રવીણ ગોરધન, મહાસર ધર્મ પાલ ગુલાટી, દર્શન લાલ જૈન, અશોક લક્ષ્મણરાવ કુક્ડે, કારિયા મુન્દ, કુલદીપ નાયર (મરણોત્તર), બચેન્દ્ર પાલ, વી કે શુંગલુ, હુકમદેવ નારાયણ યાદવ
- **પદ્મ શ્રી :**રાજેશ્વર આચાર્ય, બાંગારૂ આદીલગર ,ઇલીયાસ અલી, મનોજ વાજપેયી, જ્યોતિ ભટ્ટ, દિલીપ ચક્રવર્તી, સુનિલ છેત્રી ,પ્રભુદેવા ,બલદેવ સિંઘ ધિલ્લોન, ગોદાવરી દત્તા, ગૌતમ ગંભીર, રજની કાંત, બજરંગ પુનિયા, મહેશ શર્મા, વલ્લભભાઇ મારવણિયા, શ્યામા પ્રસાદ મુખર્જી, શંકર મહાદેવન નારાયણ, ગણપત પટેલ, બિમલ પટેલ,
- **4 ગુજરાતીઓને પદ્મ એવોર્ડ:** મનોજ જોશી (અભિનય), ઝવેરીલાલ મહેતા (તસવીરકલા) અને પંકજ શાહ (ઓન્કોલોજી)ને પદ્મશ્રી જ્યારે અરવિંદ પરીખ (સંગીત)ને પદ્મભૂષણ.

28

- ભારત અને જાપાનના તટરક્ષકોએ જાપાનના યોકોહામા તટ પર પોતાનો ડિઝાસ્ટર કંટ્રોલ, સર્ચ અને રેસ્ક્યૂ અભ્યાસ યોજ્યો.
- પાર્થસારથી મુખર્જી વધુ બે વર્ષ માટે લક્ષ્મી વિલાસ બેંકના MD તરીકે યથાવત.
- નાસાના અપોર્ચ્યુનિટી રોવરે મંગળની સપાટી પર ટચડાઉનનાં 15 વર્ષ પૂર્ણ કર્યાં. રોવર મંગળ ગ્રહ પર 24 જાન્યુઆરી, 2004ના રોજ મેરિડિયાની પ્લેનમ તરીકે ઉતર્યું હતું.
- દક્ષિણ આફ્રિકાના ક્રિકેટર જોહાન બોથાની ક્રિકેટનાં તમામ પ્રારૂપોમાંથી નિવૃત્તિની ઘોષણા.
- ગ્રાંટ થોર્નટન ડીલટ્રેકર અનુસાર ભારતે વિલય અને અધિગ્રહણ બાબતે 100 બિલિયન ડોલર્સના ક્લબમાં પ્રવેશ કર્યો.
- નાઓમી ઓસાકાએ ઓસ્ટ્રેલિયન ઓપનનો મહિલા એકલ ખિતાબ જીત્યો. તે વર્લ્ડ નંબર વન રેંકિંગ મેળવનાર પ્રથમ જાપાનીઝ પ્લેયર પણ બની.
- ભારતની પ્રથમ સ્વદેશ નિર્મિત એન્જિન રહિત હાઇ-સ્પીડ ટ્રેન 'ટ્રેન 18'નું નામ બદલીને 'વંદે ભારત એક્સપ્રેસ' રાખવામાં આવ્યું.
- ભારતના કાર્તિક શર્માએ ઓસ્ટ્રેલિયામાં ન્યુ સાઉથ વેલ્સ મેન્સ એમેચ્યોર ગોલ્ફ ચેમ્પિયનશીપ જીતી.
- બેડમિન્ટન ખેલાડી સાઇના નેહવાલે પોતાનો પ્રથમ ઇંડોનેશિયા માસ્ટર્સ ખિતાબ જીત્યો.
- રક્ષા મંત્રાલયે ગણતંત્ર દિવસ સમારોહની મુખ્ય વિશેષતાઓ સમગ્ર દુનિયાની જનતાને બતાવવા માટે એક મોબાઈલ એપ 'RDP ઈન્ડિયા-2019' લોન્ચ કરી.
- લેફ્ટનન્ટ ભાવના કસ્તુરી ગણતંત્ર દિવસની પરેડમાં એક સર્વ-પુરુષ આર્મી ટીમનું નેતૃત્વ કરનાર પ્રથમ મહિલા અધિકારી બની.

29

- ગોવામાં માંડવી નદી પર 'અટલ સેતુ' નામના 5.1 કિલોમીટર લાંબા કેબલ-સ્ટેડ પુલનું ઉદઘાટન.
- ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચે મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયન ઓપન મેન્સ સિંગલ્સ ખિતાબ જીત્યો.

- પૂનમ ખેત્રપાલ સિંહ WHOના દક્ષિણ-પૂર્વીય એશિયાનાં ક્ષેત્રીય નિર્દેશક બનનાર પ્રથમ મહિલા બન્યાં.
- ઓક્સફર્ડ ડીક્ષનરીએ 'નારી શક્તિ'ને વર્ષ 2018નો હિન્દી શબ્દ ઘોષિત કર્યો.
- નરેન્દ્ર મોદીએ કોચ્ચિમાં ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ.ના ઇન્ટીગ્રેટેડ રીફાઇનરી એક્સપાન્સન પ્રોજેક્ટ (IREP) કોમ્પ્લેક્સનું ઉદઘાટન કર્યું. આ LPG અને ડિઝલનું ઉત્પાદન બમણું કરશે તથા પેટ્રોકેમિકલ્સ પ્રોજેક્ટ્સ માટે ફીડસ્ટોકનું ઉત્પાદન શરૂ કરશે.
- DRDO દ્વારા ન્યુ જનરેશન એન્ટી-રેડિએશન મિસાઈલ (NGARAM)નું સફળતાપૂર્વક પરિક્ષણ. આ મિસાઈલ દુશ્મનની રડાર, ટ્રેકિંગ સિસ્ટમ અને કોમ્યુનિકેશન સુવિધાઓ નષ્ટ કરવામાં સક્ષમ છે. ભારતમાં આ પ્રકારની આ પ્રથમ મિસાઈલ છે.
- પૂર્વ રક્ષામંત્રી જ્યોર્જ ફર્નાન્ડીઝનું અલ્ઝાઈમર રોગથી નિધન. તેઓ ઈ.સ. 1998થી 2004 વચ્ચે તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈના રક્ષામંત્રી તરીકે રહ્યા હતા. તેમણે 1998માં પોખરણ પરમાણુ પરીક્ષણ અને 1999માં કારગિલ યુદ્ધની દેખરેખ કરી હતી.
- સુમન કુમારી પાકિસ્તાનમાં સિવિલ જજ તરીકે નિયુક્ત થનાર હિંદુ સમુદાયનાં પ્રથમ મહિલા જજ બન્યાં.
- સ્મૃતિ મંધાના ટોચના ચાર દેશો ઓસ્ટ્રેલિયા, ઇંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડ સામે સદી ફટકારનાર પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર બની.
- ગુજરાતના ટેનિસ ખેલાડી જેવ જાવિયાએ ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સમાં અંડર-17ની કેટેગરીમાં ગોલ્ડ જીત્યો.
- PM મોદીએ મદુરાઈમાં રૂપિયા 1,264 કરોડના ખર્ચે તૈયાર થનારી 750 પથારીની એઈમ્સ હોસ્પિટલનો શિલાન્યાસ કર્યો.
- ભારતીય સેના અને કાશ્મીર પોલીસે 'ઓપરેશન ઓલઆઉટ' અંતર્ગત કાશ્મીરના બારામુલ્લા જિલ્લાને આતંકવાદીઓથી સંપૂર્ણપણે મુક્ત કર્યો. આ કાશ્મીરનો એવો પ્રથમ જિલ્લો છે, જ્યાં હવે એક પણ આતંકવાદી જીવિત નથી.

30

- દુબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ દુનિયાનું સૌથી વ્યસ્ત એરપોર્ટ બન્યું.
- બ્રિટનની એકાઉન્ટન્સી ફર્મ ડેલોય અનુસાર સ્પેનની રિયલ મેડ્રિડ દુનિયાની સૌથી અમીર ફૂટબોલ ક્લબ. તેણે 6 હજાર કરોડ રૂપિયાની રેવન્યૂ જનરેટ કરી.
- વિડીયોકોન ગ્રૂપને 3,250 કરોડની લોન આપવાના કેસમાં અનિયમિતતા મુદ્દે CBIએ ICICI બેંકનાં પૂર્વ ચેરપર્સન ચંદા કોચર વિરુદ્ધ ભ્રષ્ટાચાર અને છેતરપિંડીનો કેસ દાખલ કર્યો.
- ભારતનો અંબાતી રાયુડ શંકાસ્પદ ગતિવિધિને કારણે ઇન્ટરનેશનલ ક્રિકેટમાં બોલિંગ માટે પ્રતિબંધિત.
- અમેરિકાએ વેનેઝુએલાની સરકારી ઓઈલ કંપની PDVSA પર પ્રતિબંધ મૂક્યો.
- 25મા સ્ક્રીન એક્ટર્સ ગિલ્ડ (SAG) એવોર્ડ્સ: બ્લેક પેન્થર - શ્રેષ્ઠ ફિલ્મ, રામી માલેક - શ્રેષ્ઠ અભિનેતા, ગ્લેન ક્લોઝ - શ્રેષ્ઠ અભિનેત્રી.
- જાપાનને પાછળ ધકેલી ભારત દુનિયાનો બીજો સૌથી મોટી સ્ટીલ ઉત્પાદક દેશ બન્યો. ચીન સ્ટીલ ઉત્પાદનમાં પ્રથમ સ્થાને છે.

- ગણતંત્ર દિવસ પરેડમાં ધ ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ ટેબલોએ પોતાની 'કિસાન ગાંધી' થીમ માટે પ્રથમ પુરસ્કાર જીત્યો.
- નાસાના પાર્કર સૌર પ્રોબે સૂર્યની આસપાસ તેની બીજી પરિક્રમા શરૂ કરી. તેણે 19 જાન્યુઆરીના રોજ પોતાની પ્રથમ પરિક્રમા 161 દિવસમાં પૂર્ણ કરી હતી.
- શંકરસિંહ વાઘેલા એનસીપીમાં સામેલ. રાષ્ટ્રીય મહામંત્રી પદ અપાયું.
- 30 જાન્યુઆરી: ગાંધી નિર્વાણ દિવસ. શહીદ દિવસ તરીકે પણ ઉજવાય છે.

31

- દિલ્હીના લાલ કિલ્લામાં 26થી 31 જાન્યુઆરી સુધી 'ભારત પર્વ'નું ચોથું સંસ્કરણ યોજાયું. આ કાર્યક્રમ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવના પ્રદર્શિત કરે છે.
- કેન્દ્રીય પર્યટન મંત્રી કે. જે. અલ્ફોન્સે ગંગટોક (સિક્કિમ)માં પ્રથમ 'ડેવલપમેન્ટ ઓફ નોર્થ ઇસ્ટ સર્કિટ' પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યું.
- ન્યૂયોર્ક ટાઈમ્સ ટ્રેવલ શો-2019માં ભારતે સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માટે 'બેસ્ટ ઇન શો' એવોર્ડ ઓફ એકસેલન્સ જીત્યો.
- યુ.પી. રાજ્ય કેબિનેટે પ્રયાગરાજને પશ્ચિમ ઉત્તરપ્રદેશ સાથે જોડનાર ચાર લેનના ગંગા એક્સપ્રેસ વેના નિર્માણને મંજુરી આપી. 600 કિ.મી. લંબાઈ ધરાવતો આ વે દુનિયાનો સૌથી લાંબો એક્સપ્રેસ વે બનશે.
- ટ્રાન્સપરન્સી ઇન્ટરનેશનલના કરપ્શન પરસેપ્શન ઇન્ડેક્સ (CPI)માં ભારત 78મા ક્રમાંકે. ચીન અને પાકિસ્તાન અનુક્રમે 87મા અને 117મા સ્થાને. આ ઇન્ડેક્સ અનુસાર ડેન્માર્ક અને ન્યુઝીલેન્ડ સૌથી ઓછા ભ્રષ્ટ દેશ છે.
- નેશનલ ગેલરી ઓફ મોડર્ન આર્ટ્સ (NGMA)એ નવી દિલ્હીમાં 'નાઈટ એટ ધ મ્યુઝિયમ'ની પ્રથમ એડિશનનું આયોજન કર્યું. જેમાં રવિન્દ્રનાથ ટાગોર, અમૃતા શેરગિલ, રાજા રવિ વર્મા અને નંદલાલ બોઝ વગેરેની કલાકૃતિઓનું પ્રદર્શન યોજાશે. જેમાં દાંડીમાર્ચને શ્રદ્ધાંજલિ આપતું એક પ્રદર્શન પણ સામેલ છે.
- હાવર્ડ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ ડાયાબિટીસના રોગીઓમાં બ્લડ સુગરને રેગ્યુલેટ કરતી એક આર્ટીફીશિયલ પેન્ક્રીયાસ સ્માર્ટફોન એપ વિકસાવી.
- યુનિયન સ્ટીલ મિનિસ્ટ્રીએ સ્ટીલ ઇન્ડસ્ટ્રીમાં સેફટી સ્ટાન્ડર્ડ્સની દેખરેખ માટે એક 'સેફટી ડિરેક્ટરેટ' સ્થાપવાની ઘોષણા કરી.
- વાઈસ એડમિરલ જી. અશોકકુમાર વાઈસ ચીફ ઓફ નેવલ સ્ટાફ (VCNS) નિયુક્ત.
- લલિત કલા અકાદમી આર્ટ ગેલરી, નવી દિલ્હીમાં 'મહાત્મા ગાંધી અને વિશ્વ શાંતિ' નામનું એક્ઝિબીશન યોજાયું.
- નરેન્દ્ર મોદીએ દાંડીમાં નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરિયલ રાષ્ટ્રને સમર્પિત કર્યું.
- ICICI બેંકે બેંકની આચારસંહિતાના ઉલ્લંઘન બદલ પૂર્વ MD અને CEO ચંદા કોચર સાથેનો કોન્ટ્રાક્ટ રદ કર્યો.
- વિશ્વની સૌથી મોટી સાઇકલોથોન 'સ્વસ્થ ભારત યાત્રા' નવી દિલ્હીમાં સંપન્ન. આ યાત્રાનો ઉદ્દેશ્ય 'ઇટ સેફ, ઇટ હેલ્ધી એન્ડ ઇટ ફોર્ટીફાઈડ' સંદેશનો પ્રચાર કરવાનો હતો.

crackgpsc.com

- એર ઇન્ડિયા 25 વર્ષ બાદ ફરીથી નવી દિલ્હીથી નઝફ (ઈરાક) સુધીની હવાઈ સેવા શરૂ કરશે. નઝફ શિયા મુસલમાનોનું એક પવિત્ર તીર્થ છે.

**અમારી YouTube ચેનલ 'Crack GPSC' પર જોડાઓ,**
**SUBSCRIBE કરો અને કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો.**

https://youtu.be/l4qSHaS0fqc




crackgpsc.com